" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 12 | AD - 2025, Aso Vad-06 | Sunday, Dt.12-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## છેલ્લા ૧૧ વર્ષમાં ભારતની કૃષિ નિકાસ લગભગ બમણી થઈ ગઈ છે : મોદી

# પીએમ મોદીએ રૂ.૩૫,૪૪૦ કરોડની બે મુખ્ય કૃષિ યોજનાઓ શરૂ કરી

ન્યુ દિલ્હી,તા.૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શનિવારે બપોરે દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન સંસ્થા (IARI) ખાતે રૂ.૩૫,૪૪૦ કરોડની બે મુખ્ય કૃષિ યોજનાઓ શરૂ કરી. તેમણે રૂ.૧૧,૪૪૦ કરોડની પીએમ કઠોળ ઉત્પાદન મિશન યોજના અને રૂ.૨૪,૦૦૦ કરોડની પીએમ ધાન્ય કૃષિ યોજનાનું ઉદ્‌ઘાટન કર્યું. મોદીએ કહ્યું, "કૃષિ અને ખેતી હંમેશા આપણી વિકાસ યાત્રાનો એક મહત્વપૂર્ણ ભાગ રહ્યા છે. સમય જતાં, એ જરૂરી છે કે કૃષિને સરકારી સમર્થન મળતું રહે. કમનસીબે, અગાઉની સરકારોએ કૃષિને છોડી દીધી હતી." મોદીએ કહ્યું કે ૨૧મી સદીના ભારતને ઝડપથી વિકસતું રાખવા માટે આપણી કૃષિ વ્યવસ્થામાં સુધારો કરવો જરૂરી છે. આ કાર્ય ૨૦૧૪માં શરૂ થયું હતું. અમે પાછલી સરકારોના બેદરકાર વલણને બદલી નાખ્યું. બીજથી લઈને બજારો સુધી, અમે ખેડૂતોના હિત માટે અસંખ્ય સુધારા કર્યા. પીએમ મોદીએ કહ્યું, "પહેલાની સરકારોએ દેશના ૧૦૦થી વધુ જિલ્લાઓને પછાત જાહેર કર્યા,



પછી તેમને ભૂલી ગયા. અમે આ જિલ્લાઓ પર વિશેષ ધ્યાન આપ્યું અને તેમને મહત્વાકાંક્ષી જિલ્લાઓ જાહેર કર્યા." તેમણે સંકલન, સહકાર અને સ્પર્ધાના મંત્રથી આ જિલ્લાઓમાં પરિવર્તન લાવ્યું. સ્વતંત્રતા પછી પણ, અહીંની ૨૦% વસાહતોમાં રસ્તાઓનો અભાવ હતો. આજે, આમાંથી મોટાભાગની વસાહતો રસ્તાઓથી જોડાયેલી છે. પહેલાં, અહીંના ૧૭% બાળકોને રસીકરણનો લાભ મળતો ન હતો, પણ આજે મળી રહ્યો છે. ૧૫%થી વધુ શાળાઓમાં વીજળી નહોતી, પરંતુ હવે, આ યોજના હેઠળ, દરેક શાળાને વીજળી કનેક્શન આપવામાં આવ્યું છે. પીએમએ કહ્યું, "દૂધ ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે છે. ભારત વિશ્વમાં બીજા ક્રમનો સૌથી મોટો માછલી ઉત્પાદક દેશ છે. ૨૦૧૪ની સરખામણીમાં મધનું ઉત્પાદન પણ બમણું થયું છે. છેલ્લા ૧૧ વર્ષમાં ઈંડાનું પ્રોડક્શન પણ બમણું થયું છે." તેમણે કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં ભારતની કૃષિ નિકાસ લગભગ બમણી થઈ ગઈ છે. અનાજનું ઉત્પાદન લગભગ ૯૦ મિલિયન મેટ્રિક ટન વધ્યું છે. ફળ અને શાકભાજીનું ઉત્પાદન ૬૪ મિલિયન મેટ્રિક ટનથી વધુ વધ્યું છે. છેલ્લા ૧૧વર્ષમાં, દેશમાં ૬ મુખ્ય ખાતર પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે. ખેડૂતોને ૨.૫ કરોડથી વધુ માટી આરોગ્ય કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. સૂક્ષ્મ સિંચાઈ સુવિધાઓ ૧ કરોડ હેક્ટર સુધી વિસ્તરી છે. પીએમ પાક વીમા યોજનાથી લગભગ ૨ લાખ કરોડ રૂપિયાના દાવા મળ્યા છે.

### પીએમ મોદીએ વિવિધ રાજ્યોમાં રૂા.૮૧૫ કરોડના વિકાસ કાર્યોનો શિલાન્યાસ કર્યો

પીએમ મોદીએ આ કાર્યક્રમમાં ૮૧૫ કરોડ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવનારા આંધ્રપ્રદેશમાં ઈન્ટિગ્રેટેડ કોલ્ડ ચેઈન અને વેલ્યુ એડિશન ફેસિલિટીઝ, ઉત્તરાખંડમાં ટ્રાઉટ એક્વા પાર્ક, નાગાલેન્ડમાં ઈન્ટિગ્રેટેડ એક્વા પાર્ક, પુડુચેરીમાં સ્માર્ટ ફિશિંગ હાર્બર અને ઓડિશાના હીરાકુડમાં એડવાન્સ્ડ એક્વા પાર્કનો શિલાન્યાસ પણ કર્યો.

## વોટસએપ કેમ! સ્વદેશી એપ અપનાવો : સુપ્રીમ

ન્યુ દિલ્હી,તા.૧૧

સુપ્રીમ કોર્ટે શુક્રવારે દેશભરમાં સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને સસ્પેન્શન અથવા બ્લોક કરવા માટે નિયમો ઘડવાની માગ કરતી અરજીને ફગાવી દીધી હતી. અરજદારો ઈચ્છતા હતા કે સોશિયલ મીડિયા કંપનીઓ એકાઉન્ટ સસ્પેન્ડ અથવા બ્લોક કરવામાં સ્પષ્ટ પ્રક્રિયાઓ, પારદર્શિતા અને સંતુલન રાખે. જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે પૂછ્યું કે કલમ ૩૨ હેઠળ વોટ્સએપની ઍક્સેસને મૂળભૂત અધિકાર કેવી રીતે કહી શકાય. બેન્ચે એમ પણ કહ્યું કે તાજેતરમાં એક મૂળ મેસેજિંગ એપ્લિકેશન શરૂ કરવામાં આવી છે, જેનો અરજદારો ઉપયોગ કરી શકે છે. સુપ્રીમ કોર્ટ ઝોહોની નવી મેસેજિંગ એપ "અર્ટાઈ" નો ઉલ્લેખ કરી રહી હતી. સપ્ટેમ્બરમાં આ એપના ડાઉનલોડમાં ૧૦૦ ગણો વધારો થયો હતો. ૩ ઓક્ટોબર સુધીમાં, તે ૭.૫ મિલિયન વખત ડાઉનલોડ થઈ ગઈ હતી. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને ઉદ્યોગપતિ આનંદ મહિન્દ્રાએ પણ આ એપનો ઉપયોગ શરૂ કરી દીધો છે.












## અમરેલી જિલ્લાના માત્ર ૩૩૦૦૦ ખેડૂતોને સહાય ચુકવવામાં આવતા રોષ

# ખેતીવાડી ખાતાની આળસના કારણે પાક નુકસાનની સહાયથી ખેડૂતો વંચિત

**બાકી ખાતેદારોને સહાય ક્યારે ચુકવવામાં આવશે તે એક પ્રશ્ન**

અમરેલી,તા.૧૧

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે અને હાલ ખેડૂતોનો પકવેલો પાક સંપૂર્ણ નાશ પામ્યો છે, ગત વર્ષે પણ આવી જ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. ખેડૂતોને આજીવિકાનો અન્ય કોઈ સ્ત્રોત ન હોવાથી ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થયા છે અને દેવાના બોજ તળે દબાયા છે. ત્યારે હવે રાજ્યના કૃષિમંત્રી દ્વારા ખેડૂતો માટે કરોડો રૂપિયાનું સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકારના બજેટમાંથી ૩૬૨ કરોડની સહાય આપવામાં આવશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ અને રાજ્ય કૃષિમંત્રી રાઘવજી પટેલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને વરસેલા વરસાદના કારણે ખેડૂતોના મુખ્ય પાક જેવા કે ડાંગર, સોયાબીન, મગફળી, કપાસ બગડી જતાં ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો હોય, તેવા ખેડૂતો માટે સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યના ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના ૬ હજારથી વધુ ગામોના અંદાજીત ૭ લાખ ખેડૂતોનો સમાવેશ કરવામાં



આવ્યો છે. ૮ લાખ હેકટર જેટલા વિસ્તારમાં ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હોય તેમાં નિયમો હેઠળ સહાય ચૂકવવામાં આવશે. અમરેલી જિલ્લામાં પણ ગત ઓકટોબર મહિનામાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને ભારે નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. અમરેલી જિલ્લામાં ખેતીવાડી સંકળાયેલા ૯૯૦૦૦ જેટલા ખાતેદારોને સહાય ચૂકવવા માટે મંજૂર થયેલ છે. જેમાંથી માત્ર ૩૩૦૦૦ ખેડૂત ખાતેદારોને છેલ્લાં એક અઠવાડિયામાં સહાય ચુકવવામાં આવી છે. ખેતીવાડી ખાતાની ગોકળગાય ગતિએ થતી કામગીરીના કારણે જિલ્લાના મોટા ભાગના ખેડૂતોના ખાતામાં અતિવૃષ્ટી પાક સહાયની રકમ જમા થઈ નથી. હાલ દિવાળીનો તહેવાર નજીક હોય ત્યારે જે ખેડૂત ખાતેદારો સહાયથી વંચિત છે તે ખાતેદારોને સહાય કયારે ચુકવવામાં આવશે તે એક પ્રશ્ન છે. રાજય સરકારે નુકસાનગ્રસ્ત ખેડૂતોને સહાય આપવાની જાહેરાત કરતા જ ખેડૂતોને આંશિક રાહત થશે તેવી આશા સેવતા હતા પરંતુ હજુ માત્ર ૩૩૦૦૦ ખેડૂતોના ખાતામાં જ સહાય જમા થતા અન્ય ખેડૂતોના ખાતામાં કયારે સહાય જમા થશે તેવો સવાલ ખેડૂતો ઉઠાવી રહ્યાં છે. દિવાળી પહેલા ખેડૂતોના ખાતામાં પૈસા જમા થાય તે માટે જનપ્રતિનિધિઓ એકાદ વખત ખેતીવાડી અધિકારીની મુલાકાત લે તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે.

### ખેડૂતોનો ઉપયોગ ફક્ત વોટબેન્ક તરીકે થઈ રહ્યો છે?

અમરેલી જિલ્લો ખેતીપ્રધાન જિલ્લો છે. આ જિલ્લામાં ૧ લાખ જેટલા ખેડૂત ખાતેદારો છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીથી લઈ ધારાસભા, સાંસદની ચૂંટણીમાં ઉમેદવારોને જીતાડવા માટે ખેડૂતો મહત્વનો ભાગ ભજવે છે ત્યારે અમરેલી જિલ્લામાં ૯૯ હજારમાંથી માત્ર ૩૩૦૦૦ ખેડૂત ખાતેદારોના ખાતામાં સહાય જમા થતા અન્ય ખેડૂત ખાતેદારોમાં છાનેખૂણે રોષ ફેલાયો છે ત્યારે ખેડૂતોનો ઉપયોગ શું ફક્ત વોટબેન્ક તરીકે થઈ રહ્યો છે તેવો સવાલ ખેડૂતો ઉઠાવી રહ્યાં છે.

### ખેડૂતો માટે રાજકિય નેતાઓ આગળ આવે

અમરેલી જિલ્લામાં ૩૩% ખેડૂતોને જ રાજય સરકાર તરફથી સહાય ચુકવવામાં આવી છે ત્યારે જિલ્લાના તમામ ખેડૂત ખાતેદારોને ખેતી પાકમાં ભારે નુકસાન ગયુ છે. બાકી રહેલા ખેડૂતોને ક્યારે સહાય ચુકવવામાં અવશે તે હજુ નક્કી નથી. હાલ દિવાળીનો તહેવાર નજીક હોય ત્યારે જિલ્લામાં બાકી રહેલા ખેડૂતોને પણ સહાય ચુકાવવામાં આવે તે માટે રાજકિય નેતાઓ આગળ આવે તેવુ ખેડૂતો ઈચ્છી રહ્યાં છે .

## વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાના હસ્તે

# અમરેલીના મોટા ગોખરવાળા ગામે રૂ.૧૬ લાખના કામોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૧૧



અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા ગામે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ અંદાજિત રૂ.૧૬ લાખના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કર્યુ હતું. આ વિકાસ કાર્યોમાં ગામની સુરક્ષા માટે સી.સી. ટી.વી. કેમેરા લગાવવા, સી.સી. રોડનું નિર્માણ, પ્રાથમિક શાળામાં ડોમ અને કોઝ-વે બનાવવાના કાર્યોનો સમાવેશ થાય છે. આ કાર્યોથી ગામના લોકોને આધુનિક સુવિધાઓ મળશે અને ગામનો વિકાસ થશે. ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ મોટા ગોખરવાળા ગામે લાખો રૂપિયાના કામની ગ્રાન્ટ ફાળવતા ગ્રામજનોએ ધારાસભ્યનો આભાર માન્યો હતો.

# અમરેલી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની બેઠક આજે યોજાશે

**તાલુકા કારોબારીની રચના અંગે ચર્ચા કરવામાં આવશે**

અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લાની સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની એક મિટિંગ (સંમેલન) તા.૧૨/૧૦/૨૫, રવિવારના રોજ 'વિદ્યાસભા સંકુલ'માં સવારે ૯:૦૦ કલાકે યોજાશે. જેમાં રાજ્ય શાળા સંચાલક મંડળના કારોબારી સભ્યો, FRC કમિટી સભ્યો, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણાધિકારીઓના પ્રતિનિધિઓ, જિલ્લા ઉદ્યોગ અધિકારી વગેરે ઉપસ્થિત રહેશે. આ મિટિંગમાં FRC માર્ગદર્શન, બાલવાટિકા રજિસ્ટ્રેશન, રત્ન કલાકાર સહાય, સંગઠન મજબૂત બનાવવા, RTE ગ્રાન્ટ બાબતે, તાલુકા કારોબારીની રચના અંગે ચર્ચા કરવામાં આવશે.

# અમરેલીમાં પીએમ ધન ધાન્ય કૃષિ યોજના અને કઠોળ આત્મનિર્ભર મિશનનો પ્રારંભ

અમરેલી,તા.૧૧

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયની "પીએમ ધન ધાન્ય અને કઠોળ મિશન" યોજનાનો શનિવારથી પ્રારંભ થયો હતો. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ દેશના કૃષિ વિકાસને નવી દિશા આપવાનો તથા ખેડૂતોની આવકમાં વધારો કરવાનો છે. કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. મિનાક્ષી કે. બારીયાનાં માર્ગદર્શનમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી ખાતે પ્રધાનમંત્રીના સંબોધનનું જીવંત પ્રસારણ સવારે ૧૦:૦૦ કલાકે આયોજિત કરવામાં આવ્યું હતું.



આ યોજના ભારતના કૃષિ ક્ષેત્રને આધુનિક, ટકાઉ અને આવકલક્ષી બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે જે ખેડૂતોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે. આ કાર્યક્રમમાં જિલ્લાના આશરે ૧૦૯ ભાઈઓ તથા ૨૩૫ બહેનો જોડાયા હતા.

# સરંભડા ગામે કૌશિક વેકરીયાના હસ્તે વિધવા પેન્શનના હુકમ એનાયત

અમરેલી,તા.૧૧

સમગ્ર રાજ્યમાં ૦૭થી ૧૫ ઓક્ટોબર દરમિયાન ઉજવાઈ રહેલા વિકાસ સપ્તાહ અંતર્ગત અમરેલી તાલુકાના સરંભડા મુકામે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી-વડીયા-કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નાયબ મુખ્ય દંડક સહિતના મહાનુભાવોના



હસ્તે લાભાર્થીઓને ગંગા સ્વરૂપા વિધવા પેન્શન સહાય યોજનાના હુકમ અને એન.એફ. એસ. યોજનાના લાભાર્થીઓને રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સંબોધતા કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અમરેલી વિધાનસભાના ૧૩ ગામોમાં નવા પંચાયત ભવન બનાવવા માટે તાજેતરમાં જ મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકારે અમરેલી વિધાનસભાના ગામોમાં આરોગ્ય, પંચાયત અને શિક્ષણની સુવિધા માટે ઉદાર હાથે નવા બિલ્ડીંગો મંજૂર કર્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, અમરેલી શહેરને આવનારા સમયમાં ભવ્ય રિવરફ્રન્ટની ભેટ મળશે. તેમણે સરંભડા ગામના બે છેડાને જોડતો રૂ.૭ કરોડના ખર્ચે મંજૂર કરાયેલો પુલ વિકાસ કાર્યોની સિદ્ધિ ગણાવી હતી. નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડાએ પ્રાસંગિક સંબોધનમાં છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવાની રાજ્ય સરકારની નેમ વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા સહિતના હાજર રહ્યા હતા.

## વન વિભાગે ૮ ટીમ બનાવી ૧૫ લોકોની કરી પુછપરછ

# કણકોટ ગામે સિંહણના થયેલા અકુદરતી મોત મામલે અજાણ્યા ઈસમ સામે ફરિયાદ

અમરેલી,તા.૧૧

થોડા દિવસ પહેલા લીલીયા તાલુકાના કણકોટ ગામે સિંહણનો મૃતદેહ મળતા વન વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સિંહણના મૃતદેહનો કબજો લઈ પોસ્ટમાર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. જો કે સિંહણના વિસેરાના રિપોર્ટ બાકી હોય ત્યારે સિંહણનું મોત કઈ રીતે થયું તે સ્પષ્ટ થઈ શક્યું નથી. લીલીયા રેન્જના કણકોટ ગામે થોડા દિવસો પહેલા કણકોટ ગામે રેવન્યુ વિસ્તારમાં સિંહણનો મૃતદેહ મળ્યો હતો. સિંહણનો મૃતદેહ મળતા સિંહપ્રેમીઓમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. વન વિભાગની ટીમ દ્વારા સિંહણના મૃતદેહને પોસ્ટમાર્ટમમાં ખસેડાયા બાદ સિંહણનું મોત વીજશોકને કારણ થયું હોવાનું ગામલોકોમાં ચર્ચાઈ રહ્યુ છે. આ બાબતે વન વિભાગ દ્વારા ૮ ટીમ બનાવી આજુબાજુના ૧૫ જેટલા લોકોની સઘન પુછપરછ કરી હતી. સિંહણનું મોત અકુદતી રીતે થયું હોવાથી વન વિભાગે બનાવની ગંભીરતા સમજી અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાના સુરજવડી ડેમને નર્મદાના નીરથી ભરવાનું સફળ ટેસ્ટીંગ

સાવરકુંડલા,તા.૧૧

સાવરકુંડલાનો સુરજવડી ડેમ કરોડના ખર્ચે નર્મદાના નીરથી ભરવા માટેનું ટેસ્ટિંગ અધિકારીઓની હાજરીમાં સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. આ સફળ ટેસ્ટિંગથી સમગ્ર પંથકના ખેડૂતોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. પાણીની સંગ્રહ શક્તિ વધારવા



અને નર્મદાના નીરને સુરજવડી ડેમ સુધી લાવવાનો પ્રયાસ કરનાર ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આ સિદ્ધિ બદલ ખુશી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સુરજવડી ડેમ ભરાતા દોલતી, ગોરડકા, ભમ્મર, મેરીયાણા, ઘાંણલા સહિત ૧૨ ગામોના ખેડૂતોને આર્થિક સમૃદ્ધિનો સીધો લાભ મળશે. સુરજવડી ડેમના સફળ ટેસ્ટિંગ બાદ હવે શેલ દેદુમલ ડેમમાં પણ નર્મદાનું પાણી નાખવાનું ટેસ્ટિંગ હાથ ધરાશે.









### પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓની કચેરી દ્વારા શહેરી વિકાસયાત્રાને આગળ વધારવા માટે

# અમરેલી જિલ્લાની ૧૦ પાલિકાઓની સંકલન બેઠક મળી

**ધારાસભ્યોએ ગટર, પીવાના પાણી, ગંદકી સહિતના પ્રશ્નોના નિરાકરણ માટે રજૂઆત કરી**

અમરેલી,તા.૧૧

ગુજરાત રાજ્યના શહેરી પરિવેશમાં પરિવર્તન અને નાગરિકોના સશક્તિકરણના અભિગમ સાથે 'વર્ષ ૨૦૨૫'ની શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવણી થઈ રહી છે, ત્યારે શહેરી વિકાસયાત્રાને વધુ વેગથી આગળ ધપાવવા માટે અધિક કલેક્ટર, પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓની કચેરી, ભાવનગર ઝોનની અધ્યક્ષતામાં તા. શુક્રવારના રોજ અમરેલી જિલ્લાની સંકલન બેઠક મળી હતી. રાજ્ય સરકાર દ્વારા 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'ના મંત્ર સાથે નાના મોટા શહેરોને ગ્રોથ હબ તરીકે વિકસાવીને 'ગુજરાત @૨૦૪૭'નો રોડમેપ તૈયાર કરાયો છે. આ બેઠકમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્યો જનકભાઈ તળાવીયા, મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા, નિવાસી અધિક કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટર અને અમરેલી જિલ્લાની ૧૦ નગરપાલિકાઓના પદાધિકારીઓ અને અધિકારીઓએ ભાગ લીધો હતો. પદાધિકારીઓ અને



ધારાસભ્યોએ લોક સમસ્યાઓ જેવી કે રસ્તાઓ, ગટર, પીવાના પાણી, ગંદકી અને પેન્ડિંગ દરખાસ્તોના નિરાકરણ માટે રજૂઆત કરી હતી. વિકાસકામો કયા સ્ટેજ પર છે તેની સમીક્ષા કરીને તેને સમયસર પૂર્ણ કરવા અંગે માર્ગદર્શન અપાયું હતું.

**સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી વિકાસ યોજના અંતર્ગત કરોડો રૂપિયાનું બજેટ**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ને "અર્બન ડેવલપમેન્ટ યર" તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. ગુજરાત સરકાર દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૧૨,૮૪૭ કરોડ, અમૃત ૨.૦ યોજના અંતર્ગત રૂ. ૧,૯૫૦ કરોડ, ૧૫મા નાણાપંચ અંતર્ગત રૂ. ૧,૩૭૬ કરોડ, આઇકોનિક રોડ વિકસાવવા રૂ. ૨૦૦ કરોડ, ઉપરાંત સ્વચ્છતા અને અન્ય બાબતો માટે કુલ રૂ. ૩૦,૩૨૫ કરોડનું જંગી બજેટ ફાળવવામાં આવ્યું છે, જે ગત વર્ષ કરતા ૪૦% વધુ છે. આ મોટું બજેટ શહેરી વિકાસ યાત્રાને વધુ વેગ આપશે.

## જાફરાબાદ જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા સેમિનાર યોજાયો



અમરેલી,તા.૧૧

જાફરાબાદમાં જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા પિન્ક મન્થની ઉજવણી અંતર્ગત સેમિનાર યોજાયો હતો. જેમાં નેશનલ હેલ્થ મિશન અને આઈસીડીએસના ૨૭૦ કર્મચારીઓ જોડાયા હતા. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ઓક્ટોબર મહિનો સ્તન કેન્સર જાગૃતિ માસ તરીકે ઉજવવામાં આવે છે.

## અમરેલી તાલુકા હેલ્થ કચેરી દ્વારા નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડે ની ઉજવણી

**રેલીનો મુખ્ય ઉદ્દેશ 'બેટી બચાવો બેટી પઢાવો'**

અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીના સીધા માર્ગદર્શન નીચે તાલુકા હેલ્થ ઓફિસર તથા સરકારી નર્સિંગ સ્કૂલના પ્રિન્સિપાલ દ્વારા તાલુકા



હેલ્થ કચેરી અમરેલીએ નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડેની ઉજવણી કરી હતી. આ તકે યોજાયેલી રેલી અમરેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. આ રેલીનો મુખ્ય ઉદ્દેશ 'બેટી બચાવો બેટી પઢાવો'નો હતો, દીકરીને જન્મ લેવા દો દીકરી જન્મે એટલે સમાજમાં દીકરા દીકરીનું એકસરખું પ્રમાણ જળવાઈ રહે તે મુખ્ય હેતુથી નેશનલ ગર્લ્સ ચાઈલ્ડ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં તાલુકા હેલ્થ ઓફિસનો સ્ટાફ તેમજ નર્સિંગ સ્કૂલની વિદ્યાર્થિનીઓએ સહકાર આપ્યો હતો.

## માલવણ ગામે ચંદનમાંથી તેલ, પાઉડર સહિતના ઉત્પાદન બનાવ્યા

અમરેલી,તા.૧૧




માલવણ ખાતે પ્લાન્ટ શરૂ કરી સફળતા પ્રાપ્ત કરનાર સાવલિયા જણાવે છે કે, અમે રાજાધિરાજ એસેન્સિયલ્સ નામથી ઉદ્યોગ ચલાવીએ છીએ. અમે ચંદનની પ્રોસેસ કરી અને તેમાંથી તેલ, પાવડર સહિતની પ્રોડક્ટ બનાવવાનું શરૂ કર્યું. આ ઉદ્યોગ સ્થાપવા માટે અમને પી.એમ.ઈ.જી.પી. માટે સરકાર દ્વારા ૨૫ ટકા કેપિટલ સહાય, આત્મનિર્ભર પોલીસી અંતર્ગત કેપિટલ સહાય ૨૦ ટકા અને ૦૬ ટકા વ્યાજ સહાય આપવામાં આવી છે.

## અમરેલી ખાતે ઈન્ટર ગ્રુપ અને GSO ઈન્ડિયા દ્વારા 'વ્યસન મુક્તિ જનજાગૃતિ કાર્યક્રમ' યોજાયો

અમરેલી,તા.૧૧



વ્યક્તિના જીવનને બરબાદ કરતા અને પરિવારને મુશ્કેલીમાં મુકતા વ્યસન સામે સામાજિક જાગૃતિ લાવવાના હેતુથી અમરેલી ખાતે ઈન્ટર ગ્રુપ અને GSO ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે વ્યસન મુક્તિ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સારથી યુથ ક્લબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, જાણીતા તબીબો ડો. વિવેકભાઈ જોષી અને ડો. કિરીટભાઈ દેસાણી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે તજજ્ઞોએ લોકોને વ્યસનથી દૂર રહેવા અને સ્વસ્થ જીવનચર્યા અપનાવવા માટે અપીલ કરી હતી. સાથોસાથ, જંકફૂડને બદલે શક્ય એટલો પરંપરાગત ભારતીય ખોરાક અપનાવવા માટે પણ હાકલ કરવામાં આવી હતી.

## ધારીના મોણવેલ ગામની સીમમાંથી ૬૦૦ ફૂટ કેબલની ચોરી થતા ચકચાર

**બોરડી ગામના ખેડૂતે પોલીસ ફરિયાદ નોંધાવી**

ધારી, તા.૧૧

ધારીના મોણવેલ ગામની સીમમાંથી ૬૦૦ ફૂટ કેબલ વાયરની ચોરી થઈ હતી. બનાવ અંગે બોરડી ગામે રહેતા શીતલબેન હરદાનભાઈ ગઢવી (ઉ.વ.૪૪)એ જાહેર કર્યા મુજબ, મોણવેલ ગામની સીમમાં આવેલી તેમની વાડીમાં કોઈ અજાણ્યો ચોર ઈસમ ઘૂસી ગયો હતો.

બોરથી ટીસી સુધી લંબાવેલો ૨૦૦ ફૂટ અને ટીસીથી ગોડાઉન સુધી લંબાવેલા ૬૦૦ ફૂટ કેબલની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બંને કેબલની કિંમત રૂ. ૧૪,૦૦૦ જાહેર થઈ હતી. તેમજ થાંભલા પરથી ટીસી પણ નીચે પછાડી દીધું હતું. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.બી. સમા વધુ તપાસ કરી રહ્યા છે.

## રાજુલા સંઘવી હાઈસ્કૂલના શિક્ષકોએ ગરબામાંથી માળા તૈયાર કર્યા

**આ માળાનું વિવિધ શાળાઓમાં વિતરણ કરવામાં આવશે**

અમરેલી,તા.૧૧



રાજુલામાં સંઘવી હાઈસ્કૂલના શિક્ષકોએ પર્યાવરણ બચાવવા માટે નવતર પ્રયોગ કર્યો છે. નવરાત્રિમાં વિસર્જન કરાયેલા માતાજીના ૨૫૦થી વધુ ગરબા એકઠા કરીને તેઓ તેમાંથી ચકલીઓ માટે મજબૂત માળા બનાવી રહ્યા છે. શિક્ષણ કાર્ય પૂર્ણ થયા બાદ શિક્ષકો આ કાર્યમાં જોડાય છે. તૈયાર થયેલા આ માળાઓનું શહેરની વિવિધ શાળાઓમાં ચકલીઓના માળા માટે વિતરણ કરવામાં આવશે. શિક્ષકોએ કરેલી આ પહેલને પર્યાવરણવિદોએ પણ આવકારી છે.

## લીલીયા શહેરમાં વાહકજન્ય રોગો અટકાવવા માટે દવાનો છંટકાવ અને સઘન જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

લીલીયા,તા.૧૧



લીલીયા ગામના વિવિધ વિસ્તારોમાં વાહકજન્ય રોગોના નિયંત્રણ અને નાબૂદીના ભાગરૂપે દવાનો છંટકાવ અને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આરોગ્ય કર્મચારીઓ તથા આશા બહેનોની ટીમો બનાવીને હાઉસ-ટુ-હાઉસ ફરીને વાહકજન્ય રોગોથી બચવા માટે ઘનિષ્ઠ જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. સાથે સાથે, પોરાનાશક દવાઓ જેવી કે એબેટ તથા ડાય ફ્લોરો બેંજો રોલનો છંટકાવ પણ કરવામાં આવ્યો હતો. ટીમો દ્વારા લોકોને સમજાવવામાં આવ્યું હતું કે પાણીમાં રહેલા પોરા તે બીજું કશું નહીં પણ મચ્છરના બચ્ચા છે, અને ચેપી એડીસ મચ્છરો ચોખ્ખા પાણીમાં જ ઈંડા મૂકે છે, જે રોગ ફેલાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. તેથી ઘર વપરાશની પાણીની ટાંકી, પશુઓને પીવાના પાણીની ટાંકી સહિત જરૂરી પાણી ભરેલા તમામ પાત્રોને હવાચુસ્ત ઢાંકણ ઢાંકીને જ રાખવા જોઈએ. આ ઉપરાંત, ટાયર, અગાસી ઉપર પાણી ભરાઈ રહેતા નકામા પાત્રો જેવા કે ચૂનો કરવા માટેનો ગોળો, અથાણાના ખાલી ડબ્બા, નાળિયેરની કાચલી વગેરે અગાસી પરથી દૂર કરવા જોઈએ તેમજ શેરીઓમાં ભરાયેલા ખાડા-ખાબોચિયાનું પાણી વહેવડાવી દેવું અથવા માટીથી પુરાણ કરવું જોઈએ. શક્ય હોય તો રોજ સાંજે ઘરમાં લીમડાનો ધુમાડો પણ કરી શકાય, જેથી મચ્છરોના ડંખથી બચી શકાય.

## સરદાર પટેલ શરાફી સહકારી મંડળીના ચેક રીટર્ન કેસમાં એક જ પરિવારના ત્રણ સભ્યોને છ માસની કેદની સજા

અમરેલી, તા.૧૧





સરદાર પટેલ શરાફી સહકારી મંડળી લી., બગસરાની કુંકાવાવ શાખા દ્વારા દાખલ કરવામાં આવેલા ચેક રિટર્ન કેસમાં જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફ.ક.) વડીયા કોર્ટે એક જ પરિવારના ત્રણ સભ્યોને સજા ફટકારી છે. વડીયા તાલુકાના તોરી ગામના રહેવાસી ચંદુભાઈ જેરામભાઈ વેકરીયા, અલ્પેશકુમાર ચંદુભાઈ વેકરીયા અને જયદીપભાઈ ચંદુભાઈ વેકરીયાએ મંડળી પાસેથી રૂ. ૯૮,૦૦૦/- નું લોન ધિરાણ લીધું હતું. આ લોન પેટે ચડત રકમ ભરપાઈ કરવા માટે આરોપીઓએ જે ચેક આપ્યા હતા, તે બેંકમાં વટાવવા નાખતા અપૂરતા ફંડ સાથે પરત ફર્યા હતા. મંડળીના વકીલ પી.ડી. દાંતી (ગઢવી) અને વિશાલ જે. માળવીની દલીલોને ગ્રાહ્ય રાખીને, કેસ ચાલી જતાં નામદાર વડીયા કોર્ટે આ ત્રણેય આરોપીઓને છ માસની કેદની સજા તેમજ ચેકની કુલ રકમ અને તેની ઉપર ૯% વળતર સાથે રકમ ચૂકવવાનો હુકમ કર્યો છે.

## જાફરાબાદના મોટા માણસા ગામે મહિલા પાસેથી નવ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લામાં બે લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જાફરાબાદના મોટા માણસા ગામે એક મહિલા પાસેથી ૯ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જ્યારે સોનારીયા ગામે એક યુવકના ઘર પાસે લીમડાની બાજુમાં આવેલી વાડમાંથી ૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાંથી છ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


BLUE BUDDHA
END OF SEASON SALE
Buy Rs. 4490/- Rs. 500/-off
Buy Rs. 9990/- Rs. 1250/- off
Buy Rs. 14990/- Rs. 2000/- off
Buy Rs. 19990/- Rs. 3000/- off
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ: અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

# વડીયા સ્મશાનને જોડતા રસ્તાની કામગીરી કલેક્ટરની ગ્રાન્ટમાંથી શરૂ થતાં લોકોમાં ખુશી

વડીયા,તા.૧૧

વડીયા ગ્રામ પંચાયત દ્વારા સ્મશાનના ગેઈટથી અંદર સુધી રૂ.૫ લાખના ખર્ચે બ્લોક રોડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. નોંધનીય છે કે, અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડીયામાં સુરવો નદી કિનારે આવેલા સ્મશાનના ગેટથી અંદર સુધીનો રસ્તો અતિ બિસ્માર અને ચોમાસામાં કાદવ-કીચડવાળો બનતો હોવાથી લોકોને ભારે હાલાકી પડતી હતી. પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ અને વડીયાના સરપંચ મનીષ ઢોલરીયા સાથે બ્લોક રોડ બનાવવા અંગે ચર્ચાઓ થઈ હતી. આ બાબતે વડીયા ગ્રામ પંચાયતના સરપંચ મનીષ ઢોલરીયા દ્વારા કલેક્ટરને સ્મશાન રોડ માટે ગ્રાન્ટ ફાળવવા લેખિત રજૂઆત કરવામાં આવી હતી અને ત્યારે તત્કાલીન કલેક્ટર દ્વારા પાંચ લાખ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી. જે બાદ હવે બ્લોક રોડની કામગીરી શરૂ કરવામાં આવી છે.


તસવીર : કિરીટ જોટવા

# વડીયાના ખજુરી પીપળીયા ગામના યુવક સાથે બેંક લોન અપાવવાના બહાને ૩૫,૦૦૦ની છેતરપિંડી

**પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઇ એ.એન. ગાંગણાએ તપાસ હાથ ધરી**

વડીયા, તા.૧૧

વડીયાના ખજુરી પીપળીયા ગામના યુવક સાથે બેંક લોન અપાવવાના બહાને રૂપિયા ૩૫૦૦૦ની છેતરપિંડી કરવામાં આવી હતી. આરોપીએ ખાતામાં પોતાનો નંબર લિંક કરાવી ગુનો આચર્યો હતો. કમલેશભાઈ જેન્તીભાઈ ભુવા (ઉ.વ.૪૨ )એ બે મોબાઈલ ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. લોન પ્રક્રિયા શરૂ કરતા પહેલાં, આરોપીએ તેમની પાસે નાના જુદા જુદા ટ્રાન્ઝેક્શનો કરાવ્યા અને તે રકમ પરત આપી દીધી હતી આ રીતે, આરોપીએ ફરિયાદીનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો.

વિશ્વાસ કેળવ્યા બાદ, આરોપીએ તેમના બેંક એકાઉન્ટમાં પોતાનો મોબાઈલ નંબર લિંક કરાવી દીધો હતો.

આરોપીએ ફરિયાદીની મંજૂરી વિના અને બેંક ખાતાનો ઉપયોગ કરીને 'લોનની પ્રોસેસિંગ ફી'ના બહાને રૂ.૫૦,૦૦૦ પોતાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા. ફરિયાદીએ જ્યારે પોતાની રકમની વારંવાર માંગણી કરી, ત્યારે આરોપીએ તેમને માત્ર રૂ.૧૫,૦૦૦ પરત કર્યા હતા. આમ, આરોપીએ ફરિયાદી સાથે ખોટા નામનો ઉપયોગ કરીને કુલ રૂ.૩૫,૦૦૦ની છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. વડીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એ.એન. ગાંગણા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાંથી બે યુવતી અને એક યુવક લાપતા થયા

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાંથી વધુ ત્રણ લોકો લાપતા થયા હતા. લાઠીના નારાયણનગર ઢોરા વિસ્તારમાં રહેતા સુમારભાઈ ઈસ્માઈલભાઈ દલ (ઉ.વ.૪૭) એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી ઘરેથી નાસ્તો લેવા જવાનું કહીને નીકળી હતી જે બાદ પરત ફરી નહોતી. બીજા બનાવમાં જાફરાબાદના ટીંબી વાકીયા રોડ પર રહેતા નરશીભાઈ નાનજીભાઈ રાઠોડ (ઉ.વ.૫૧) એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી ઘરેથી હું ગામમાં જાવ છુ તેમ કહીને નીકળી હતી અને પરત ફરી નહોતી. અમદાવાદના નિકોલમાં રહેતા લાલજીભાઈ કરશનભાઈ સભાડીયા (ઉ.વ.૩૪)એ જાહેર કર્યા મુજબ, રાજુલામાં રહેતા ગુમ થનાર સુરેશભાઈ જાફરાબાદ રોડ પર આવેલા ખેતલા આપા ટી સ્ટોલ નામની દુકાન ખાતે ચાર્જિંગ કરવાનું કહી બાઈક લઈને ક્યાંક જતા રહ્યા હતા.

# બાબરામાં 'આમ આદમી પાર્ટી'ના પ્રદેશ સેક્રેટરી રાજુભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને જાહેર સભા યોજાઈ

બાબરા,તા.૧૧

બાબરામાં ગાયત્રી મંદિર ખાતે આમ આદમી પાર્ટી (AAP) ની એક જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભા આમ આદમી પાર્ટીના પ્રદેશ સેક્રેટરી રાજુભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેમાં જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા, શહેર પ્રમુખ કૌશિકભાઈ ભરાડ, હિરેનભાઈ વિરડીયા સહિત તાલુકા, જિલ્લા અને પ્રદેશના અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ જાહેર સભામાં શહેર અને તાલુકાના મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. અહીં આમ આદમી પાર્ટીના અગ્રણીઓ દ્વારા ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. તેમણે ખેડૂતોના મુદ્દે, બેરોજગારીના મુદ્દે, બેકારી અને મંદીના મુદ્દે રાજ્ય સરકારની નીતિઓની આલોચના કરી હતી. આ સાથે જ, ઉપસ્થિત લોકોને આગામી દિવસોમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી તરફી મતદાન કરવા અને સહકાર આપવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.



તસવીર : દિપક કનૈયા

# અમરેલીમાં રોડવેઝના ધંધાર્થીની ઓફિસના ટેબલના ખાનામાંથી ૧.૯૦ લાખની ચોરી

**ઓફિસમાં કામ કરતાં કર્મચારી સામે ફરિયાદ**

અમરેલી, તા.૧૧

અમરેલીમાં રોડવેઝના ધંધાર્થીની ઓફિસના ટેબલના ખાનામાંથી રૂ.૧.૯૦ લાખની ચોરી થઈ હતી. બનાવ અંગે રહીમભાઈ ઈસ્માઈલભાઈ અગવાન (ઉ.વ.૬૦)એ કલ્પેશ ઉર્ફે મુકેશ રામજીભાઈ બાંભણીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, લાઠી ચોકડી પર આવેલી તેમની પટેલ રોડવેઝ ઓફિસમાં આરોપી નોકરી હતો. છ દિવસ પહેલા તે રજા પર ગયો હતો અને તેમની ઓફિસની ચાવી અગાઉ ગુમ થઈ હતી. જેની મદદથી તેણે તાળુ ખોલી તેની ઓફિસના ટેબલના ખાનામાંથી ૧.૯૦ લાખની ચોરી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સી.બી. ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

# અમદાવાદમાં સાવરકુંડલાની પરિણીતા પર સાસરિયાએ સિતમ ગુજાર્યો, ફરિયાદ નોંધાવી

સાવરકુંડલા, તા.૧૧

સાવરકુંડલાની પરિણીતા પર અમદાવાદમાં સાસરિયા દ્વારા સિતમ ગુજારવામાં આવ્યો હતો. જેને લઈ મહિલાએ પરત ફર્યા બાદ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. નફસીનબેન મોઈનશા દિવાન (ઉ.વ.૩૧) એ અમદાવાદમાં રહેતા પતિ મોઈનશા ભીખુશા દિવાન, સસરા ભીખુશા મુર્તુજા દિવાન સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પતિએ માનસિક શારીરિક દુઃખ ત્રાસ આપ્યો હતો. તેમજ જેમ ફાવે તેમ ગાળો બોલી હતી અને ઢીકાપાટુ માર્યા હતા. સસરાએ ઘરકામ તેમજ કરિયાવર મુદે મેણાટોણા મારી ગાળો આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ દેવજીભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**પતિએ માનસિક- શારીરિક અસહ્ય ત્રાસ આપતા ફરિયાદ નોંધાવી**

# ધારીમાં રહેતી સગીરાને અજાણ્યો ઈસમ બદકામના ઈરાદે ભગાડી ગયો

**પિતાએ ઈસમ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી**

ધારી, તા.૧૧

ધારીમાં રહેતી એક સગીરાને અજાણ્યો ઈસમ બદકામના ઈરાદે ભગાડી ગયો હતો. બનાવ અંગે સગીરાના પિતાએ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રીને અજાણ્યો ઈસમ લલચાવી, ફોસલાવી લગ્ન કે બદકામ કરવાના ઈરાદે વાલીપણામાંથી ભગાડી ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ જી.આર. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

આ ઉપરાંત મૂળ મધ્યપ્રદેશના અને હાલ ગુંદરણ ગામે વાડીએ રહેતા એક પુરુષે મધ્યપ્રદેશના અલીરાજપુરના કઠીવાડાના વિદેશ ગુલબાસિંગ બારૈયા તેમની સગીર પુત્રીને તેમના વાલીપણામાંથી ભગાડીને લઈ ગયાની ફરિયાદ નોંધાવી હતી.

# અમરેલીમાં શિક્ષકના બેંક એકાઉન્ટમાંથી ૧,૭૪,૫૦૭ની ઓનલાઈન છેતરપિંડી

અમરેલી, તા.૧૧

અમરેલીમાં ઓનલાઈન છેતરપિંડીનો એક મોટો બનાવ સામે આવ્યો હતો. અહીં એક અજાણ્યા આરોપીએ શિક્ષકના બેંક ખાતામાંથી રૂ.૧,૭૪,૫૦૭/ની રકમની છેતરપિંડી કરી ગુનો આચર્યો હતો. જેને લઈ શિક્ષક તરીકે નોકરી કરતાં નયન હિંમતભાઈ જાવિયા (ઉ.વ.૨૮)એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, આરોપીએ તેમના બેંક ખાતાને નિશાન બનાવ્યું હતું. છેતરપિંડી કરનારે તેમને સૌપ્રથમ RTO ચલણના નામે વાતચીતમાં ફસાવ્યો હતો. ત્યારબાદ, આરોપીએ એક apk ફાઈલ (એન્ડ્રોઈડ એપ્લિકેશન પેકેજ ફાઈલ) મોકલી આપી હતી. ફરિયાદીએ આ ફાઈલ ડાઉનલોડ કે ઈન્સ્ટોલ કરતાં જ આરોપીએ તેમનો ફોન હેક કરી લીધો હતો. ફોન હેક થયા બાદ, ઠગાઈ કરવાના ઈરાદે આરોપીએ તાત્કાલિક ફરિયાદીના બેંક એકાઉન્ટમાંથી રૂ.૧,૭૪,૫૦૭ની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરીને ઉપાડી લીધી હતી.

આ સમગ્ર મામલે ફરિયાદી દ્વારા સંબંધિત પોલીસ સ્ટેશનમાં અજાણ્યા આરોપી વિરુદ્ધ ઓનલાઈન ફ્રોડ અને સાયબર ક્રાઈમ હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૨૫ | ૧૫૯૫ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૫૦ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૭૬૫ |
| જુવાર લાલ | ૭૦૦ | ૮૦૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૪૮ |
| બાજરી | ૩૫૪ | ૪૨૦ |
| તુવેર | ૯૫૧ | ૧૩૧૦ |
| ચણા પીળા | ૧૦૩૦ | ૧૧૧૫ |
| ચણા સફેદ | ૧૩૫૦ | ૨૦૦૦ |
| અડદ | ૧૦૭૦ | ૧૫૫૬ |
| મગ | ૧૧૨૦ | ૧૭૪૦ |
| વાલ દેશી | ૫૨૫ | ૯૯૪ |
| ચોળી | ૭૮૦ | ૧૨૯૦ |
| વટાણા | ૯૧૫ | ૧૮૮૦ |
| રાજમા | ૧૧૦૦ | ૧૮૫૦ |
| મગફળી જાડી | ૭૦૫ | ૧૦૫૭ |
| મગફળી જીણી | ૭૫૧ | ૧૨૫૧ |
| તલી | ૧૫૫૦ | ૧૮૭૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૭૫ |
| અજમો | ૫૦૦ | ૧૩૯૦ |
| સુવા | ૧૦૨૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૨૦ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૨૫૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૧૦૦ |
| લસણ | ૩૯૦ | ૧૦૮૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ધાણી | ૧૩૫૦ | ૧૫૫૦ |
| વરીયાળી | ૭૮૦ | ૧૩૧૨ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૪૪૦ |
| રાય | ૧૩૦૦ | ૧૫૫૦ |
| મેથી | ૭૮૦ | ૧૧૮૦ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૧૫૨૧ |
| અશેરીયો | ૧૧૫૦ | ૧૧૫૦ |
| કલોંજી | ૩૬૦૦ | ૪૬૨૫ |
| રાયડો | ૧૦૮૦ | ૧૨૩૦ |
| રજકાનું બી | ૫૫૫૦ | ૮૬૦૦ |
| ગુવારનું બી | ૮૪૦ | ૮૯૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૬૭૨ | ૧૦૨૭ |
| પપૈયા | ૭૭ | ૧૧૮ |
| બટેટા | ૧૮૨ | ૪૮૭ |
| ડુંગળી સુકી | ૫૨ | ૨૪૧ |
| ટમેટા | ૩૨૭ | ૬૦૭ |
| સુરણ | ૮૭૨ | ૧૦૫૨ |
| કોથમરી | ૧૮૨૬ | ૨૪૧૭ |
| મુળા | ૨૬૬ | ૪૧૧ |
| રીંગણા | ૩૦૮ | ૬૧૨ |
| કોબીજ | ૧૬૨ | ૨૫૩ |
| ફ્લાવર | ૪૧૧ | ૬૧૭ |
| ભીંડો | ૪૦૬ | ૬૨૧ |
| ગુવાર | ૧૪૦૮ | ૨૦૧૨ |
| ચોળાસીંગ | ૬૧૨ | ૮૧૭ |
| વાલોળ | ૬૦૯ | ૧૦૧૩ |
| ટીંડોરા | ૬૩૭ | ૧૦૧૬ |
| દુધી | ૩૦૭ | ૬૧૩ |
| કારેલા | ૪૫૨ | ૬૦૬ |
| સરગવો | ૧૪૫૨ | ૨૦૧૩ |
| તુરીયા | ૬૦૩ | ૮૦૪ |
| પરવર | ૧૦૩૭ | ૧૨૨૫ |
| કાકડી | ૫૦૮ | ૭૧૨ |
| ગાજર | ૪૧૦ | ૬૧૫ |
| વટાણા | ૩૬૧૮ | ૪૪૧૬ |
| ગલકા | ૪૧૩ | ૭૧૧ |
| બીટ | ૩૨૬ | ૫૯૦ |
| મેથી | ૧૨૭૫ | ૧૮૪૬ |
| વાલ | ૮૦૩ | ૧૦૧૩ |
| ડુંગળી લીલી | ૨૧૧ | ૩૭૬ |
| આદુ | ૯૨૭ | ૧૨૩૧ |
| મરચા લીલા | ૩૧૭ | ૯૫૨ |
| હળદર લીલી | ૭૭૬ | ૧૦૪૩ |
| લસણ લીલું | ૧૧૦૭ | ૧૭૮૨ |
| મગફળી લીલી | ૫૩૬ | ૬૭૨ |
| મકાઇ લીલી | ૧૮૪ | ૨૬૬ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૫૫૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૨૬ |
| મગફળી જીણી | ૭૫૧ | ૧૨૬૧ |
| સિંગદાણા જાડા | ૮૦૦ | ૧૨૪૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૧૭૧ |
| એરંડા / એરંડી | ૭૦૧ | ૧૨૭૧ |
| તલ લાલ | ૨૩૫૧ | ૨૩૫૧ |
| જીરૂ | ૨૬૫૧ | ૩૫૫૧ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૮૦૧ | ૧૫૩૧ |
| લસણ સુકું | ૪૧૧ | ૯૦૧ |
| ડુંગળી લાલ | ૯૦ | ૨૬૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૧૨૬ |
| તુવેર | ૧૦૭૬ | ૧૨૭૧ |
| રાજગરો | ૯૯૧ | ૯૯૧ |
| રાય | ૪૦૦ | ૧૪૩૧ |
| મેથી | ૫૫૧ | ૯૩૧ |
| કાંગ | ૨૩૧ | ૪૨૧ |
| મગફળી જાડી | ૬૦૦ | ૧૧૧૬ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૨૦૫૧ |
| મગફળી ૬૬ | ૮૫૦ | ૧૭૯૧ |
| તલ - તલી | ૧૦૦૧ | ૨૦૦૧ |
| ઇસબગુલ | ૧૩૦૧ | ૧૫૮૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૫૬૧ |
| બાજરો | ૨૭૧ | ૪૦૧ |
| જુવાર | ૪૦૧ | ૭૦૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૦૧ |
| મગ | ૧૧૦૧ | ૧૮૬૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૧૧ |
| વાલ | ૬૫૧ | ૯૪૧ |
| સોયાબીન | ૬૮૬ | ૮૪૧ |
| ગોગળી | ૬૭૬ | ૮૪૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૪૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૬૦ | ૨૪૦ |
| દુધી | ૨૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૬૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૮૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૪૮૦ | ૧૨૦૦ |
| વટાણા | ૩૬૦૦ | ૪૦૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૨૪૦ | ૩૪૦ |
| અંબાળા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| લીલી હળદર | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૩ | ૭ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| ફોદીનો પુરા | ૩ | ૬ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૨૦૦ | ૨૪૦ |
| ગ્રૂણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| અલાવિપન | ૫ | ૧૦ |
| પરવર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ઘીસોડા | ૨૮૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| સરગવો પુરા | ૩૦ | ૫૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| વાલોર | ૩૮૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૧૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૬૦ |
| પાલક પુરા | ૩ | ૮ |
| જામફળ | ૪૦૦ | ૯૦૦ |
| દાડમ | ૪૦૦ | ૧૨૦૦ |
| સફરજન | ૪૦૦ | ૧૬૦૦ |
| સીતાફળ | ૨૦૦ | ૯૦૦ |
| કેળા | ૩૦૦ | ૪૦૦ |
| તરબૂચ | ૧૧૦ | ૨૧૦ |
| ક્મલમ | ૧૬૦૦ | ૨૫૦૦ |
| મોસંબી | ૪૦૦ | ૭૦૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૬૨૭ | ૯૪૨ |
| ગીરનારી શીંગ | ૭૪૧ | ૯૪૦ |
| શીંગ મોટી | ૬૦૬ | ૧૦૦૫ |
| શિંગ દાણા | ૭૦૦ | ૧૦૩૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૩૫૧ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૪૦૫ |
| તલ કશ્મીરી | ૧૮૧૮ | ૨૪૧૮ |
| બાજરો | ૩૦૨ | ૩૬૧ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૮૧ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૫૫૧ |
| મકાઈ | ૩૭૧ | ૩૮૦ |
| મગ | ૧૪૦૦ | ૧૭૫૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૬૨ |
| સફેદ ચણા | ૧૦૧૮ | ૧૧૧૬ |
| તુવેર | ૧૧૩૫ | ૧૨૦૮ |
| કપાસ | ૭૯૫ | ૧૬૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૪૭ |
| જીરૂ | ૨૬૦૦ | ૩૪૩૫ |
| રાયડો | ૧૧૧૫ | ૧૧૪૦ |
| રાય | ૧૪૪૫ | ૧૫૨૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૫૦ |
| અજમા | ૧૫૫૦ | ૧૫૫૦ |
| મેથી | ૭૫૦ | ૮૦૦ |
| સોયાબીન | ૫૫૫ | ૮૨૦ |
| રજકાનું બી | ૨૭૦૦ | ૭૪૦૦ |
| કાંગ | ૪૨૨ | ૪૨૨ |

**અમરેલી શાકભાજી**

| | | |
|---|---|---|
| બટેટા | ૩૨૦ | ૪૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૧૧૦ | ૨૩૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૩૦૦ | ૪૦૦ |
| સુરણ | ૭૨૦ | ૮૨૦ |
| ગાજર | ૫૮૦ | ૮૨૦ |
| દુધી | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૩૨૦ | ૫૨૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મૂળા | ૨૧૦ | ૩૦૦ |
| કાકડી | ૨૨૦ | ૪૪૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૫૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૦૨૦ |
| વાલ | ૬૦૦ | ૧૦૧૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૬૪૦ |
| તુરીયા | ૬૨૦ | ૮૦૦ |
| આમળા | ૭૦૦ | ૮૫૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૫૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| હળદળ લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૧૫૦૦ | ૨૫૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૭૨૦ | ૮૫૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૧૦૨૦ |
| બીટ | ૪૦૦ | ૬૦૦ |
| ચીભડા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૮૦૦ |
| લીમડો મીઠો | ૨૧૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૪૫૦ |
| ડુંગળી લીલી | ૨૧૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૮૪૦ | ૧૧૪૦ |
| લસણ સુકું | ૬૦૦ | ૧૦૫૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૧૦ |
| લીબુ | ૬૦૦ | ૮૦૦ |
| પાલક | ૫૯૦ | ૮૧૦ |
| શીંગ ઓળા | ૫૦૦ | ૬૫૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૭૦૦ | ૧૦૦૦ |
| શીંગ મોટી | ૭૫૧ | ૧૧૨૫ |
| તલ | ૧૬૫૦ | ૧૯૦૩ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૭૪૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૭ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૮૮ |
| બાજરો | ૩૭૫ | ૩૭૫ |
| જુવાર | ૪૦૦ | ૪૫૦ |
| મકાઈ | ૫૭૧ | ૫૭૧ |
| મગ | ૧૧૨૫ | ૧૧૨૫ |
| અડદ | ૧૧૭૨ | ૧૭૦૯ |
| ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૦૮૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૨૬ |
| સોયાબીન | ૬૫૦ | ૭૦૯ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૧૦ | ૧૫૫૧ |
| કપાસ સી ગ્રેડ | ૭૯૫ | ૯૦૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ એ | ૧૨૪૫ | ૧૪૫૦ |
| કપાસ કોડી | ૮૫૦ | ૧૧૮૦ |
| મગફળી | ૭૦૫ | ૭૫૧ |
| સફેદ ચણા | ૧૧૨૦ | ૧૧૨૦ |
| શીંગદાણા | ૧૦૩૦ | ૧૦૩૦ |
| સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર નવો | ૧૨૪૦ | ૧૬૧૦ |
| કપાસ મીડીયમ | ૯૧૦ | ૧૨૫૦ |
| મગફળી | ૭૭૫ | ૮૫૫ |
| તલ સફેદ | ૧૫૧૦ | ૧૭૯૦ |
| જીરૂ | ૨૯૫૦ | ૩૨૯૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૫૦ |
| અડદ | ૮૮૦ | ૧૨૯૦ |
| મગ | ૧૨૮૫ | ૧૫૨૫ |
| ચણા | ૯૮૫ | ૧૦૨૫ |
| સોયાબીન | ૭૨૫ | ૭૭૫ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૧૮ |
| ઘઉં ટુકડા | ૪૬૮ | ૫૩૬ |
| અડદ | ૮૦૫ | ૮૧૫ |
| ચણા | ૯૮૬ | ૧૦૬૧ |
| શીંગદાણા | ૭૭૦ | ૮૫૦ |
| સોયાબીન | ૫૯૦ | ૭૭૫ |
| મગફળી | ૫૭૧ | ૮૫૦ |
| તલ સફેદ | ૧૦૯૫ | ૧૭૫૦ |
| ધાણા | ૧૨૮૨ | ૧૩૦૦ |
| તુવેર | ૯૯૦ | ૧૦૦૦ |
| રજમા બી | ૧૬૦૦ | ૨૧૦૦ |
| એરંડા | ૯૦૫ | ૯૩૫ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૬૬ | ૭૪૨ | ૧૩૬૦ |
| શીંગ ૩૯ | ૬૭૬ | ૧૦૧૫ |
| શીંગ ગીરનારી | ૬૮૦ | ૯૫૦ |
| શીંગ જી-૨૦ | ૭૨૮ | ૯૫૦ |
| જુવાર | ૪૦૦ | ૫૪૨ |
| બાજરી | ૩૬૧ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૧૪ |
| અડદ | ૬૦૦ | ૯૯૦ |
| મગ | ૯૦૧ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૪૯ | ૯૨૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૮ |
| તલ સફેદ | ૧૬૬૪ | ૧૮૭૮ |
| તલ કાળા | ૧૯૨૫ | ૩૪૭૦ |
| ડુંગળી લાલ | ૬૨ | ૨૧૨ |
| ડુંગળી સફેદ | ૧૧૦ | ૨૮૪ |
| કપાસ શંકર | ૬૭૦ | ૧૬૦૪ |
| નાળીયેર | ૧૨૬૦ | ૩૧૩૨ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૬૦૦ | ૮૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૮૭૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| બાજરો | ૩૫૧ | ૪૧૧ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૬૧ |
| જુવાર | ૪૫૦ | ૫૫૬ |
| મકાઈ | ૫૨૪ | ૬૩૨ |
| મગ | ૧૧૦૧ | ૧૧૦૧ |
| અડદ | ૬૫૧ | ૧૩૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૦ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| સોયાબીન | ૭૩૬ | ૭૫૧ |
| રાય | ૧૨૧૨ | ૧૨૧૨ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ નવો | ૧૨૦૧ | ૧૫૭૫ |
| કપાસ કોડી | ૮૩૦ | ૧૧૫૨ |
| મગફળી | ૭૦૧ | ૭૦૧ |
| તલ સફેદ | ૧૫૭૫ | ૧૫૭૫ |
| બાજરો | ૩૬૦ | ૫૩૧ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૧ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૯૬ |
| અડદ | ૮૦૦ | ૧૨૯૧ |
| મગફળી | ૬૦૦ | ૧૦૦૧ |
| શીંગફાડા | ૮૫૦ | ૯૪૬ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૨૬ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૪૦૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૯૬ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| કપાસ (ડોળાસા) | ૮૧૦ | ૧૪૮૭ |
| મગફળી નવી | ૭૨૫ | ૧૦૬૬ |
| બાજરો | ૩૮૦ | ૫૩૧ |
| ઘઉં | ૪૫૦ | ૫૭૨ |
| અડદ | ૭૫૦ | ૧૪૩૮ |
| મગ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૧૨૫ | ૧૨૨૯ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૭ |
| તલ | ૧૦૦૦ | ૧૮૫૨ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૯૬૦ |
| સોયાબીન | ૪૧૧ | ૮૩૮ |
| ડાંગર | ૭૫૦ | ૮૭૬ |
| કાંગ | ૪૦૦ | ૪૨૬ |
| રજકો | ૩૫૦૦ | ૭૫૦૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૪૫૦ | ૬૮૫ |
| બાજરો | ૩૦૦ | ૪૦૮ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૮ |
| મગ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| અડદ | ૭૦૦ | ૧૧૩૦ |
| તુવેર | ૭૭૫ | ૧૧૯૫ |
| ચોળી | ૩૩૦ | ૭૯૫ |
| મેથી | ૯૦૦ | ૯૮૯ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૯૪ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૮૩૫ |
| મગફળી જીણી | ૧૦૧૦ | ૧૧૩૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૧૦ |
| મગફળી ૬૬ | ૧૨૦૦ | ૧૪૭૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૪૩ |
| તલ | ૧૨૦૦ | ૧૮૮૦ |
| લસણ | ૫૨૫ | ૧૦૦૫ |
| કપાસ | ૯૦૦ | ૧૫૮૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૪૩૦ |
| અજમો | ૯૦૦ | ૨૧૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૪૫ |
| ડુંગળી સુકી | ૫૦ | ૨૩૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૯૦ |
| રાજમા | ૧૨૦૦ | ૧૫૦૦ |

સંજોગ ન્યૂઝ

# રસધાર

રવિવાર
12 ઓક્ટોબર, 2025




06
વાર્તા વિશ્વ : પિયા કા ઘર



06
સપ્તરંગ : આંખમાં કાચનું કણ પડે તે સારું પણ દોષ દૃષ્ટિ સારી નહિ...!

## ગવઈ ઘટના: ન્યાયાધીશોએ નિષ્પક્ષ અને સંવેદનશીલ બનવું પડશે

**વિચાર વલોણું**



જયવંત પંડ્યા



તાજેતરમાં સર્વોચ્ચ ન્યાયાલયમાં મુખ્ય ન્યાયમૂર્તિ બી.આર. ગવઈ પર એક વરિષ્ઠ અધિવક્તા રાકેશ કિશોરે જૂતું ફેંક્યું. તરત દલિત પર બ્રાહ્મણના આક્રમણનો નેરેટિવ ચાલવા લાગ્યો. બે એક દિવસ પછી આક્રમણ કરનાર રાકેશ કિશોરે પોતે દલિત હોવાનું જાહેર કરતાં વિરોધીઓના અપપ્રચારનો પરપોટો ફૂટી ગયો. બી.આર. ગવઈ બૌદ્ધ છે. તેમના પર જૂતું ફેંકાયાની ઘટનાને દલિત પર આક્રમણ કેવી રીતે કહી શકાય?

માનો કે કોઈ દલિત વ્યક્તિ અપરાધ કરે તો શું દલિતો તેમના સમર્થનમાં આવી જશે? આ તો અઝહરુદ્દીન મેચ ફિક્સિંગમાં નામ આવે કે ટી સીરિઝના ગુલશનકુમારની હત્યાનો આરોપી નદીમ (સંગીતકાર નદીમ-શ્રવણ પૈકીનો)એમ કહે કે તે મુસ્લિમ હોવાથી તેને ભારતમાં ન્યાય નહીં મળે તેના જેવું થયું. જેમ મુસ્લિમોનું ખોટું તુષ્ટિકરણ કૉંગ્રેસ દ્વારા થતું તે ખોટું હતું તેમ (અપરાધી) દલિતોનું (કે ફૉર ધેટ મેટર કોઈ પણ જાતિ-પંથનું) તુષ્ટિકરણ કરાય તે ખોટું છે.

ખજૂરાહોમાં મોગલોએ ભગવાન વિષ્ણુની મૂર્તિ તોડી હતી. તેનું સમારકામ કરવાની માગણી રાકેશ દલાલે સર્વોચ્ચમાં કરી. આ એ.એસ.આઈ.ના અધિકારક્ષેત્રમાં આવે છે, પણ એ.એસ.આઈ. આ વાત સાંભળતું નથી તો તેને આદેશ આપવામાં આવે તેમ કહ્યું. આમાં ગવઈએ આદેશ આપીશું કે નહીં આપી શકાય તેમ જ કહેવાનું હતું પરંતુ ૧૬ સપ્ટેમ્બરે તેમણે કહ્યું કે આ અમારા અધિકારક્ષેત્રમાં નથી આવતું તો તમે ભગવાન વિષ્ણુને જ કહો કારણ કે તમે તેના ચુસ્ત ભક્ત છો. આ જ બાબત કોઈ દરગાહ કે ચર્ચની હોત તો ગવઈ આવું કહી શક્યા હોત? શું ગવઈની આ ટીપ્પણી હિંસારૂપ નથી?

શું હિંસા માત્ર શારીરિક જ હોય છે? તમે કોઈ બાળકને મૂર્ખ કહો કે અક્કલ વગરનો કહો અથવા કોઈ છોકરીને કાળી ભેંસ જેવી કહો અને તેના કારણે આખી જિંદગી એ માનસિક રીતે પીડાયા રાખે તો આ શબ્દો શું હિંસારૂપ નથી? પરંતુ આપણે એમ માનીએ છીએ કે માત્ર શારીરિક હિંસા જ હિંસા છે. અને તે પણ એવા કેસમાં જ્યાં કોઈ હિન્દુએ તે કરી હોય. બીજા પંથોના લોકો કરે તો તે તેમનો અધિકાર છે.

રાકેશ કિશોરે ક્ષમા માગી નથી. તેમણે જે કહ્યું તે સાંભળવા જેવું છે. તેમણે કહ્યું કે ઉત્તર પ્રદેશમાં યોગીજી અપરાધીઓનાં ગેરકાયદે બાંધકામ પર બુલડૉઝર ચલાવે છે તે શું ખોટું છે? મુખ્ય ન્યાયમૂર્તિ મોરેશિયસ જઈને એવું બોલ્યા હતા કે બુલડૉઝર ન્યાય નહીં ચાલે. વિદેશમાં જઈને આવું બોલવાની શું આવશ્યકતા હતી? હલ્દ્વાની (ઉત્તરાખંડ)માં રેલવે લાઈનની બંને બાજુએ વિશેષ સમુદાયે ગેરકાયદે દબાણ કર્યું તેને હટાવવા પર પણ સર્વોચ્ચે રોક લગાવી દીધી. નુપૂર શર્મા કેસમાં પણ વિશેષ સમુદાયના બદલે નુપૂર શર્માને ઉત્તરદાયી ઠરાવી દીધાં. પરંતુ આપણા સનાતનના કેસ પછી તે જલ્લીકટ્ટુ હોય, જન્માષ્ટમીએ દહીંહાંડીની ઊંચાઈનો પ્રશ્ન હોય, તેમાં સર્વોચ્ચ એવા આદેશ સંભળાવતું રહ્યું છે જેનાથી હું દુઃખી છું.

ઘણા કહે છે કે બિહારની ચૂંટણી વખતે આ પગલાંથી ભાજપને નુકસાન થશે તો ઘણા કહે છે કે રાકેશ કિશોરે પ્રસિદ્ધિ માટે આવું કર્યું. અરે ભાઈ ! એવું હિન્દુવાદીઓએ જ કેમ વિચારવાનું? ગવઈએ વિષ્ણુ ભગવાનની મજાક ઉડાવી ત્યારે સરકારે જ કેમ તીખી ટીપ્પણી ન કરી? સરકાર છોડો ભાજપે પણ કંઈ ન કહ્યું? રાકેશ કિશોરના કૃત્યની નિંદા કરતી વખતે પણ વડાપ્રધાન મોદી એમ કહી શક્યા હોત કે ગવઈ દ્વારા વિષ્ણુ ભગવાનનું અપમાન યોગ્ય નહોતું. અને જો ચૂંટણીનો સમય જ વિચારવા બેસવાનું હોય તો તો ચૂંટણી દર વર્ષે કોઈ ને કોઈ રાજ્યમાં આવે જ છે. એવું વિચાર્યું હોત તો ન ૬ ડિસેમ્બર થઈ હોત, ન ૨૦૦૨. કોઈ આયોજનપૂર્વક કરે ત્યારે જ આવું વિચારવા બેસી શકે. દુઃખી માણસ તો ત્વરિત પ્રતિક્રિયા આપવાનો જ.

અને ચૂંટણીમાં જીતવાથી ન્યાયતંત્ર, શિક્ષણ તંત્ર કે મનોરંજન ક્ષેત્ર સુધરી જશે? તો તો સુધરી ગયું હોત. ચૂંટણી જીતવાથી શું મુર્શિદાબાદ, નાગપુરમાં હિંસા થઈ તેવી નહીં થાય? તો ગુજરાતના બહિયાલમાં કેમ હિંસા થઈ? હિંસા થાય પછી બુલડૉઝર કાર્યવાહી સ્વાગતને પાત્ર છે, પરંતુ તે પહેલાં હિન્દુઓને નુકસાન થઈ જાય છે તેનું શું? કનૈયાલાલ દરજીની હત્યાનાં ત્રણ વર્ષ પછી પણ કેસમાં કોઈ પ્રગતિ નથી થઈ. અને બીજું, કે રાકેશ કિશોરને પ્રસિદ્ધિની શું આવશ્યકતા? તેઓ ૭૧ વર્ષના છે. આવા કૃત્યથી તેમને કેસ મળવા નહીં લાગે. ઉલટું જે છે તે પણ જતા રહેશે.

રાકેશ કિશોરને તરત જ આ કૃત્યનું પરિણામ મળવા લાગ્યું. બાર કાઉન્સિલે મનમાની રીતે તેમને સસ્પેન્ડ કરી દીધા. કોઈ નૉટિસ નહીં, કોઈ સુનાવણી નહીં.

રાકેશ કિશોર પાસે જે કેસો આવ્યા હતા તેની ફી તેમણે પરત કરવી પડી છે. હવે કારકિર્દી પર લગભગ પૂર્ણવિરામ જ લાગી જશે. ન તો હિન્દુવાદી સરકાર તેમની પડખે ઊભી રહે કે નહીં કોઈ હિન્દુ સંગઠન. યશવંત વર્માના ઘરે કરોડોની રોકડ મળી આવવા છતાં તેમની પડખે કપિલ સિબલ અને કૉંગ્રેસની ઈકૉ સિસ્ટમ ઊભી રહે છે. અભિષેક મનુ સિંઘવી સેક્સ સીડીના કેસમાં નામ આવે છે તો પણ કૉંગ્રેસ તેમને છોડતી નથી. ન્યાયતંત્ર કેવી રીતે કામ કરે છે તેનું ઉદાહરણ આપતાં રાકેશ કિશોરે કહ્યું કે દિલ્હીના કરકરદુમા ન્યાયાલયમાં એક કેસ ૨૦૨૦નો ચાલે છે. એક ડૉક્ટર દ્વારા અકસ્માત થયો હતો. તેના ઘાયલે પોતે કહ્યું કે મેં હેલ્મેટ નહોતી પહેરી, મારી પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ નહોતું, હું ખોટી બાજુએથી આવી રહ્યો હતો. તો પણ ન્યાયાધીશ આ કેસની સુનાવણી પૂરી નથી કરી રહ્યા. તેઓ એમ કહે છે કે તમે શું ઈચ્છો છો, હું અત્યારે જ કેસ સમાપ્ત કરી દઉં?

હવે વાત દલિત પર આક્રમણના નેરેટિવની. જૂતા ફેંકવાની ચેષ્ટા કરતી વખતે રાકેશ કિશોર શું એવું બોલ્યા છે કે તમે દલિત થઈને કેવી રીતે મુખ્ય ન્યાયમૂર્તિ બની ગયા અને તેના વિરોધમાં આ મારી પ્રતિક્રિયા છે? હકીકતે આ પ્રતિક્રિયા ભગવાન વિષ્ણુના મજાકની ક્રિયાના ઉત્તરમાં આવી હતી. અને એમ તો, ૧૯૬૮માં એક માણસ ન્યાયમૂર્તિઓ મોહમ્મદ હિદાયતુલ્લાહ, સી. એ. વૈદિયાલિંગમ અને એ.એન. ગ્રોવરની બનેલી બેન્ચ પર છરી લઈને ધસી ગયો હતો જેના કારણે ન્યાયમૂર્તિ ગ્રોવરને ઈજા થઈ હતી. હિદાયતુલ્લાહે તેમની આત્મકથા 'માય ઑવ્ન બૉસવેલ'માં તેનું વર્ણન કર્યું છે. આ ઘટના વખતે સારું હતું કે ન્યાયમૂર્તિઓમાં બે હિન્દુ અને એક મુસ્લિમ હતા, નહીંતર અત્યારે આ ઘટના બને અને માત્ર મુસ્લિમ ન્યાયમૂર્તિ હોય તો મુસ્લિમ પર આક્રમણ આવો નેરેટિવ બની જાય.

૨૦૦૯માં ન્યાયમૂર્તિ અરિજિત પસાયત ન્યાયાલયના તિરસ્કારની સુનાવણી કરી રહ્યા હતા ત્યારે એક મહિલાએ તેમના પર સ્લિપર ફેંક્યું હતું. જો અત્યારે કોઈ પુરુષે મહિલા ન્યાયમૂર્તિ પર સ્લિપર ફેંક્યું હોત તો પિતૃસત્તાક સમાજ મહિલા ન્યાયાધીશ સાંખી શકતો નથી અને ન્યાયાલયમાં મહિલા ન્યાયાધીશ જો સુરક્ષિત ન હોય તો ક્યાં સુરક્ષિત રહી શકશે? આવો નેરેટિવ ચાલુ થઈ ગયો હોત.

ગવઈના પિતા રામકૃષ્ણ સૂર્યભાણ ગવઈ, ઉપાખ્યે 'દાદાસાહેબ' રિપબ્લિકન પાર્ટી ઑફ ઈન્ડિયા (ગવઈ)ના સ્થાપક હતા. તેઓ કૉંગ્રેસની કૃપાથી કેરળ, બિહાર અને સિક્કિમના રાજ્યપાલ રહી ચૂક્યા છે. તેઓ મહારાષ્ટ્ર વિધાન પરિષદના સભ્ય ૩૦ વર્ષ સુધી હતા અને લોકસભા તેમજ રાજ્યસભામાં પણ સાંસદ રહી ચૂક્યા છે. આમ, કૉંગ્રેસ સાથે તેમને ૪૦ કરતાં પણ વધુ વર્ષ સુધી સંબંધ રહ્યો. બી.આર. ગવઈના ભાઈ રાજેન્દ્ર ગવઈ એમ કહી ચૂક્યા છે કે તેમને સોનિયા ગાંધીએ ૨૦૦૯ અને ૨૦૧૪માં વ્યક્તિગત રીતે ટિકિટ ઑફર કરી હતી અને ૨૦૧૯માં મલ્લિકાર્જુન ખડગેએ ટિકિટ ઑફર કરી હતી ! વિચાર કરો, કેવા સંબંધો હશે કે સોનિયા-ખડગે પોતે ઑફર કરે છે ! (હવે એ વિચારવાનો પણ સમય પાકી ગયો છે કે સર્વોચ્ચમાં જેમના સંબંધી કોઈ પક્ષ સાથે વર્તમાન કે ભૂતકાળમાં જોડાયેલા હોય તેમને ન્યાયમૂર્તિ બનાવવા જોઈએ કે કેમ?)

આ જ કારણસર બી.આર. ગવઈએ 'મોદી અટકવાળા બધા ચોર હોય છે' તેવી ટીપ્પણી બદલ રાહુલ ગાંધી દોષિત ઠર્યા અને સાંસદ પદ ગયું તે કેસને સાંભળવા ના પાડી દીધી હતી. તેમણે કહ્યું કે તેમના પિતા અને ભાઈ કૉંગ્રેસ સાથે સંકળાયેલા છે. જોકે ગુજરાતના ભાજપ નેતા પૂર્ણેશ મોદીએ કોઈ વાંધો ન લેતાં, પછી ગવઈએ જ કેસ સાંભળ્યો અને રાહુલ ગાંધીને દોષી ઠરાવવા પર રોક લગાવી દીધી જેના કારણે તેમનું સભ્ય પદ તેમને પાછું મળ્યું હતું. એટલું જ નહીં, ગવઈ એ બૅંચના મુખ્ય ન્યાયાધીશ હતા. (એટલે કે એ બૅંચ તેમના અધ્યક્ષપદવાળી હતી.)

૨૦૨૧માં એક એનજીઓના કેસમાં વિષ્ણુશંકર જૈનને મુખ્ય ન્યાયમૂર્તિ આર.એમ. લોઢાએ કહ્યું હતું કે આ 'સેક્યુલર' રાજ્ય છે. ન્યાયાલયમાં પંથને વચ્ચે ન લાવો. તમે તેને પંથનો રંગ ન આપો. કેસ એ હતો કે પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં હિન્દુ બાળાઓનું અપહરણ થાય છે અને તેમના પર સામૂહિક બળાત્કાર કરાય છે. તેમને મુસ્લિમ બનાવવા વિવશ કરાય છે. આવા તો અનેક કેસ છે જેમાં ન્યાયતંત્રનો મુસ્લિમ અપરાધીઓ પ્રત્યેનો પક્ષપાત ચોખ્ખો દેખાઈ આવે છે અને હિન્દુઓ પ્રત્યેની ઘૃણા. દર દિવાળીએ સર્વોચ્ચમાં ફટાકડા પર પ્રતિબંધની અને દર મકરસંક્રાતિએ પતંગની દોરી સંબંધે યાચિકા દાખલ થઈ જાય છે. નવરાત્રિએ લાઉડસ્પીકરને બાર વાગે બંધ કરાવવાની યાચિકા દાખલ થઈ જાય છે. જ્યારે ક્રિસમસ, ભારત મેચ જીતે ત્યારે કે ચૂંટણી સમયે વિજેતા અભ્યર્થીના સમર્થકો અથવા લગ્નના વરઘોડામાં ફટાકડા ફોડે ત્યારે પ્રદૂષણ ફેલાતું નથી.

ન્યાયમૂર્તિ અહસાનુદ્દિન અમાનુલ્લાહ અને જોયમાલ્યા બાગચીની બેન્ચે ૧૮ સપ્ટેમ્બરે એક સગીર છોકરીના ગુપ્તાંગોને અડવાના અને તે જ સમયે પોતાના ગુપ્તાંગને અડવાના આરોપીને બળાત્કારના દોષમાંથી મુક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે આમાં પુરુષનું ગુપ્તાંગ છોકરીના ગુપ્તાંગમાં ઘૂસ્યું નથી તેથી ખરો બળાત્કાર ન ગણાય. તો પછી એ જ સિદ્ધાંત પર ન્યાયમૂર્તિને જૂતું વાગ્યું નથી તો આક્રમણ ગણાય? તેવું મહિલાઓ સૉશિયલ મીડિયા પર પૂછી રહી છે.

એલ.કે. ગૌતમ માથુર નામના અધિવક્તાએ ફેસબુકમાં કહ્યું કે મારા પિતા કે કાકા કે ભાઈ જો સર્વોચ્ચમાં ન્યાયાધીશ હોત તો હું પણ ન્યાયાધીશ બની શકત. આ બહુ ગંભીર વાત છે. આ અધિવક્તા કંઈ રાકેશ કિશોર તરફી નથી, હિન્દુવાદી પણ નથી. તેમ છતાં તેઓ આવું કહે છે. તેનો અર્થ એ કે સર્વોચ્ચમાં જે કંઈ ચાલી રહ્યું છે તે સુધારા માગી લે છે.

જે સેક્યુલરિયાવ અત્યારે મગરનાં આંસું સારે છે તેઓ પાછા, ભાજપના નેતાઓ સુશીલકુમાર રિંકુ (૨૦૨૩), વિષ્ણુવર્ધન રેડ્ડી અને કંગના રનૌત પર જ્યારે આક્રમણ થાય છે ત્યારે ખુશ થાય છે અને તેને જનતાની પ્રતિક્રિયા બતાવે છે. આવા બેવડાં વલણ ન ચાલે.

અને ગવઈ (દલિત નથી છતાં) દલિત હોવાથી તેમના પર આક્રમણ થયું તેમ કરીને કૂદી પડનારા લોકોને કેટલાક પ્રશ્નો. ૨૦૨૦માં બૅંગ્લુરુમાં દલિત કૉંગ્રેસી નેતા અખંડ શ્રીનિવાસ મૂર્તિના ઘર પર મોહમ્મદ પયગંબરના અપમાન બદલ પથ્થરમારો થવા લાગ્યો, અને સંપત્તિને આગ લગાડી દેવામાં આવી. એ સમયે કેમ સૉશિયલ મીડિયા ન ગજવ્યું?

૨૦૧૯માં ઉત્તર પ્રદેશના દેવરિયામાં એક દલિત કન્યાની છેડતી રહેમત અલીએ કરી તેનો દલિત સમુદાયે વિરોધ કર્યો ત્યારે રહેમત અલી લાકડીઓ અને તીક્ષ્ણ શસ્ત્રો સાથે ટોળું લઈ ધસી આવ્યો અને તેમણે છોકરીના પરિવાર- મહિલાઓ અને બાળકોને માર માર્યો. તે વિસ્તારની આંબેડકરની મૂર્તિને પણ નુકસાન પહોંચાડ્યું ત્યારે દલિતોના ઠેકેદારો ક્યાં ગયા હતા?

૨૦૧૯માં ગાંધીધામમાં બે મુસ્લિમોએ યુવાન જયંતી ભાટી પર પઠાણ સૂટ પહેરવા બદલ આક્રમણ કર્યું ત્યારે કેમ દલિત પર આક્રમણ નહોતું? જ્યારે રાજસ્થાનના કૉંગ્રેસી ધારાસભ્ય જોહરીલાલ મીણાએ ૨૦૧૯માં આંબેડકર કૉલોનીમાં ગ્રામવાસીઓને કહ્યું તેઓ તેમના માટે કામ નહીં કરે કારણકે તેમણે તેમને મત નથી આપ્યા ત્યારે દલિતવાદીઓ ગોદડામાં મોં નાખી સૂઈ ગયા હતા?

અને હિંસાને સમર્થનની વાત. તો જ્યારે ૨૦૧૫માં બસપના અભ્યર્થી હાજી યાકૂબ કુરેશી છેક પેરિસના સામયિક શાર્લી હેબ્દોના મોહમ્મદ પયગંબર પર કાર્ટૂન દોરનારની હત્યા કરવા રૂ. ૫૧ કરોડ પુરસ્કાર જાહેર કરે છે ત્યારે આ અહિંસાના સમર્થકો ક્યાં ખોવાઈ જાય છે? ઘરેલુ હિંસા અને બળાત્કારનો આરોપી તાલિબ હુસૈન જ્યારે મહેબૂબા મુફ્તિના પીડીપીમાં જોડાય છે ત્યારે કોઈને વાંધો નથી આવતો. જ્યારે સમાજવાદી પક્ષની મહિલા પાંખ તૃપ્તિ દેસાઈને ચેતવણી આપે છે કે જો તે હાજી અલીમાં પ્રવેશશે તો તેઓ લાફાવાળી કરશે ત્યારે હિંસાના વિરોધીઓ ક્યાં છુપાઈ ગયા હતા?

જ્યારે અનેક હિન્દુના હત્યારા ત્રાસવાદી અને વિશેષ તો ભારત વિરોધી યાસીન મલિકને વડાપ્રધાન મનમોહન હસતા મોઢે મળ્યા હતા ત્યારે અહિંસા પણ રોવા લાગી હશે. જ્યારે તમિળનાડુના મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિન રાજીવ ગાંધીની હત્યાના (આરોપી નહીં, પણ) દોષિત ઠરેલા એ.જી. પેરરિવાલનનું સન્માન કરે છે ત્યારે 'રઘુપતિ રાઘવ રાજા રામ ઈશ્વર અલ્લાહ તેરો નામ' ગાનારા ક્યાં ગયા હતા? કેરળમાં સંઘના નેતા સી. માસ્ટર સદાનંદ (તાજેતરમાં જેમને રાજ્યસભામાં નિમવામાં આવ્યા) પર ક્રૂર આક્રમણના દોષી ઠરેલા આઠ સાથીઓને જેલમાં જતા પહેલાં ભવ્ય વિદાય જ્યારે એક પક્ષ સીપીઆઈ (એમ) આપે છે ત્યારે સમગ્ર દેશમાં તેની ટીકા તો છોડો, નોંધ પણ નથી લેવાતી. ■

jaywant.pandya@gmail.com

## ઝફરનામા – ઈસા, મુસા અને મારો ધર્મ

**રાજકીય રસધાર**



પ્રવીણ માધાણી

હિન્દુસ્તાનમાં સસ્તી પ્રસિદ્ધિ મેળવવાના ઘણા રસ્તાઓ પૈકી હિંદુ આસ્થાને ઠોકર મારીને રાતોરાત પ્રસિદ્ધ થઈ જવાનો તરીકો સૌથી વધુ પ્રચલિત છે. એમાં પણ જો તમે જાણીતો ચહેરો હોવ, કે કોઈ પદ પ્રતિષ્ઠિત હોવ તો હિંદુ ધર્મને ગાળો બકવાથી એમાં ચાર ચાંદ લાગી જાય છે. જો તમે અન્ય ધર્મ પાળો છો તો હિંદુ ધર્મને ગાળો આપવાનો અધિકાર તમને આપોઆપ મળી જાય છે. તમે સનાતનને ડેન્ગ્યુ સાથે સરખાવી શકો છો, તમે ભગવાનને ઉદ્દેશીને ભદ્દી કોમેન્ટ કરી શકો છે. સ્વ. ચંદ્રકાંત બક્ષી કહેતા એમ, અહી હિન્દુસ્તાનમાં ચાર પત્ની ધરાવતો મુસ્લિમ જજ બીજી પત્ની કરવા બદલ કોઈ હિન્દુને સજા ઠોકી શકે છે. એમ, બીજો ધર્મ પાળતો જજ હિંદુ ધર્મને હલકો બતાવી શકે છે. હિંદુ સિવાય અન્ય ધર્મ વિશે આવી કોઈ હલકી ટીપ્પણી કરતા આ લોકો ફાટી પડે છે. મિ. લોર્ડના ઘેરથી નોટો ભરેલી બોરીઓ સળગેલી હાલતમાં મળી આવે તો પણ તે સસ્પેન્ડ નથી થઈ શકતા અને સો રૂપિયાની લાંચના આરોપ બદલ એક વ્યક્તિને ઓગણચાલીસ વર્ષ જેલમાં સડાવી નાખી શકાય છે. આતંકવાદીઓ માટે મધ્યરાત્રીએ ખુલતી કોર્ટો સામે લાખો કેસ પેન્ડીંગ છે એ અલગ બાબત છે. સામાન્ય માણસને હિંદુ ધર્મને ગાળો બોલવા બદલ કશું નથી થઈ શકતું તો દેશની ન્યાયપાલિકાના સર્વોચ્ચ પદ પર બેઠા પછી કંઈપણ બોલો, શું થઈ જવાનું છે ? હિરણ્યકશિપુ અને મુગલ આક્રાન્તા પણ કહેતા કે જા કહે તારા ભગવાનને તને અને તારા મંદિરને બચાવવા તને મદદ કરે.

એ ભારત જેવી લોકશાહીમાં વારે વારે ચર્ચાતો મુદ્દો છે કે ધર્મ રાજકારણથી અલગ હોવો જોઈએ. જાડા ચશ્માં અને પાતળી બુદ્ધિ ધરાવતા સગવડિયા સેક્યુલરોને સમયે સમયે આ સનક ઉપડે છે. આઝાદીના સાડા છ સાત દાયકા પછી હિંદુ મત એકજૂટ થયો એ આ સ્યુડો સેક્યુલરોના પેટમાં દુઃખે છે. જે જવાબ આજ સુધી નહોતો મળ્યો એ જવાબ હવે જે માંગો એ સાઈઝમાં ઉપલબ્ધ છે. ભારતમાં ઘણા શંકરાચાર્ય પણ ઉપલબ્ધ છે જે રોજબરોજ રાજકીય ટીપ્પણીઓ કરવા માઈક સામે મોઢું ફાડીને ઉભા રહે છે, પણ મિ. લોર્ડના નિવેદન બદલ મોઢામાં દહીં જામી જાય છે.

પેઢીઓ બદલાય છે અને તેની માન્યતાઓ, માંગણીઓ, પ્રતિશોધ બદલાય છે. વર્ષોથી દબાયેલ પડી રહેલ ઈતિહાસનો અસ્તિત્વબોધ જાગ્રત થાય છે અને તમારા ઈતિહાસ પુરુષ પોતાનું વજૂદ પરત માંગે છે. કોઈ મુદ્દે જયારે એક આખી પ્રજાની સામાજિક અને રાજકીય ચેતના જાગ્રત થઈ જાય ત્યારે ક્રાંતિ કે ઈતિહાસનો મોટો ફેરબદલ અસ્તિત્વમાં આવે છે. બહુમત પ્રજાનો એકમત રાજનીતિને અન્યથા વિચારવા મજબૂર કરી શકે છે. આઝાદી બાદના તુરંતના સમયમાં વિચારી પણ નહોતું શકાતું કે રામમંદિર નિર્માણનો મુદ્દો રાજકીય હોઈ શકે છે અને દિલ્હીની ગાદીનો રસ્તો બની શકે છે, ત્યાં સુધી તો એ મુદ્દો ધાર્મિક જ હતો. રાજનેતાઓ દ્વારા ફેલાવવામાં આવેલા ભ્રામક ખ્યાલો, ભ્રમ અને ડરના અંધારાઓ નીચે હિંદુ આસ્થા ડરેલી દબાયેલી રહી. હિંદુ રાજકીય ઉત્થાને ધીમે ધીમે આ અંધારાઓ ઉલેચવાનું કામ શરુ કર્યું. અજવાસ આજે મિ લોર્ડને પ્રતિકાર કરવા સુધી પહોચ્યો છે. જવાબ પહોચાડવા માટે હવે ઉંચાઈ સાથે નિસબત નથી.

ઔરંગઝેબ જેવા કટ્ટર ધર્માંધ શાસકે પણ જીવનના અંતિમે કબુલ્યું હતું કે તમારે માટે તમારો ધર્મ છે અને મારે માટે મારો ધર્મ છે, કોઈના પણ ધર્મ સાથે આપણે શુ સંબંધ ? ઈસાને ઈસાનો અને મુસાને મુસાનો ધર્મ છે..., પણ આ રાંડ્યા પછીનું ડહાપણ હતું એણે ઈસ્લામને કેન્દ્રમાં રાખીને લીધેલા એકતરફી નિર્ણયોથી હિંદુ અને અન્ય ગૈરમુસ્લિમ પ્રજા વિફરી ચૂકી હતી અને મુઘલોનો અંત ચોક્કસ થઈ ચુક્યો હતો. ગુરુ ગોવિંદસિંહે ઔરંગઝેબને પત્ર લખીને ચેતવ્યો હતો, કે જો તમે તમારા ધર્મ વિષે કટ્ટર છો તો બીજાઓ પણ પોતાના ધર્મો વિષે એવા જ વિચારો ધરાવી શકે છે. તમે બીજાઓ પર હિંસા કરી છે તો ઈશ્વર પણ તમારા પર હિંસા કરશે. બાવળનું બીજ વાવ્યેથી કેરી નથી મળતી, જે વાવીએ એ જ લણવું પડે છે. આ પત્ર ઝફરનામા તરીકે ઓળખાયો હતો. આખી પ્રજાઓ, હિંદુ, શીખ, જાટો, મરાઠાઓ મુઘલ સલ્તનત સામે લડી અને ઔરંગઝેબના અવસાન બાદ એક જ વર્ષમાં મુઘલ સલ્તનતનું પતન થઈ ગયું. છસ્સો વર્ષના મુઘલકાળના હિંદુ અસ્તિત્વ અને અપમાનબોધે એનો બદલો લઈ લીધો. બહુમત હિંદુ પ્રજાએ નાના-નાના રાજ્યોમાં પણ પોતાનું ધર્મરાજ્ય સ્થાપી દીધું.


વ્યક્તિના જીવનના ધ્યેયો સ્પષ્ટ રાખવા ધર્મની જરૂર છે અને ધર્મ, વિજ્ઞાન અને કળા કરતા ખુબ પ્રાચીન છે. ધર્મ એ ગળથૂથી છે. નવજાત હિંદુ બાળકના કાનમાં સૌ પ્રથમ ઈષ્ટદેવનું નામ બોલવામાં આવે છે અને મૃત્યુ પામેલ નશ્વર શરીરને વિદાય આપતી વેળાએ પણ ઈષ્ટદેવનું નામ પોકારવામાં આવે છે. હિંદુ જીવનમાં ધર્મ પહેલાથી આખરી શ્વાસ સુધી ફેલાયેલો હોય છે. ધર્મ જમીનથી મજલા બે મજલા નીચે દાટી શકાતો નથી. અને જો દાટવામાં આવ્યો હોય તો પણ, એક સમય, એક પેઢી આવે છે જે પોતાનો ઈતિહાસ, ધર્મ ખોદી લે છે.

ક્વિક નોટ - હિંદુ વહી હૈ, જો ઈસ ભૂમિ કો કેવલ અપની પિત્રુભૂમિ હી નહિ માનતા, ઈસે વહ અપની પુણ્યભૂમિ ભી માનતા હૈ. હિંદુત્વ કે પ્રથમ દો પ્રમુખ લક્ષણ હૈ, - રાષ્ટ્ર તથા જાતિ. પિત્રુભૂમિ શબ્દ સે સ્પષ્ટ દિખાઈ દેતા હૈ તથા હિંદુત્વ કા તીસરા લક્ષણ હૈ, - સંસ્કૃતિ. ઉસકા બોધ પુણ્યભૂમિ સે હોતા હૈ. ક્યોંકી સંસ્કૃતિ મેં હી ધાર્મિક આચાર, રીત-રિવાજ તથા સંસ્કાર આદિ કા અંતર્ભાવ હોતા હૈ. ઈસી કારણ યહ ભૂમિ હમ લોગો કી પુણ્યભૂમિ હૈ. — વીર સાવરકર ■

production@infiniumpharmachem.com

## વાદ અને વિવાદમાં શો ફેર ?

**હાસ્યાય નમઃ**



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) વાદ અને વિવાદમાં શો ફેર?
રીટા માંડવીયા (રાજકોટ)
મારી સાથે કરવા છે કે ઘેર?!

(૨) વિશ્વમાં સૌપ્રથમ લગ્ન કોના થયા હતા?
જયેશ રાઠોડ (બાબરા)
કોઈ ગોરદાદાના થયા હોવા જોઈએ!

(૩) હેડકી આવે તો કોણ યાદ કરતું હશે ?
હાફીઝ રિયાઝ સેલોત(રાજુલા)
તમે કોની કોની પાસેથી ઉછીના લીધા છે એ મને ક્યાંથી ખબર હોય?!

(૪) ઘણા લોકો લાંચ લેતા પકડાય અને સમાજમાં આબરૂ ખોવાનો વારો આવે એના કરતાં એ લાંચ જ ન લેતા હોય તો?
રમેશભાઈ મુંજપરા (અમરેલી)
એવા લોકોને લંચ વિના ચાલે પણ લાંચ વિના ન ચાલે!

(૫) દિવાળી પર ફટાકડા ફોડવાનાં કે પછી દર વખતની જેમ ખાલી જોવાના જ છો?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
જે મજા જોવામાં છે એ ફોડવામાં નથી!

(૬) નવાં વરસના રામ..રામ..કરવા તમે દરેક વાચકોની ઘરે જવાના છો?
ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)
ના, ઘણાંને તો છેટેથી જ રામ રામ કહી દઈશ.

(૭) પૃથ્વી યુદ્ધ વગરની ક્યારે થશે ?
નિતુલ દિનેશભાઈ ડાભી (બાબરા)
પૃથ્વી તો યુધ્ધ વગરની જ છે. યુધ્ધ તો માણસના મનમાં છે. મન યુધ્ધ વગરનું ક્યારે થશે એ સવાલ છે.

(૮) તન સાફ કરવા માટે સાબુ તો મન સાફ કરવા માટે?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
કાબુ.

(૯) દિવસે ઘરે અંધારું કરવું હોય તો મફતમાં થઈ જાય છે; રાત્રે અજવાળું પણ મફતમાં કરવું હોય તો કેમ કરવું ?
કનુભાઈ પરમાર (દામનગર)
પાડોશી સાથેની સહિયારી દિવાલમાં મોટું બધું બાકોરું પાડી દો.

(૧૦) જીવનમાં હસવું જરૂરી છે કે રડવું ?
ડાહ્યાભાઈ આદ્રોજા (લિલીયા મોટા)
એ બન્ને કરતા જીવવું વધારે જરૂરી છે.

(૧૧) કલિયુગમાં તમને સંન્યાસી વધુ ગમે કે સંસારી?
બાલુભાઈ કિકાણી (લીલિયા મોટા)
મને ગમતું થવા માટે તમારે સંન્યાસી થવાની જરૂર નથી. જે છો એ જ રહો.

(૧૨) વાર્તા રે વાર્તા પછી શું આવે?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
ખાધું પીધું અને રાજ કર્યું.

(૧૩) પત્ની કોઈ વસ્તુ મંગાવે તો યાદ રહે છે પરંતુ બીજું કોઈ મંગાવે તો યાદ રહેતું નથી તો શું કરવું?
શંભુ ખાંટ 'અનિકેત' (અરવલ્લી)
બીજા બધાને કહી દો કે કાંઈ મગાવવું હોય તો પહેલા તમારા પત્નીને કહે અને તમારાં પત્ની તમારી પાસે મંગાવે.

(૧૪) આ વખતે પણ દિવાળી પછી ધોકો છે. આનું હવે શું કરવું જોઈએ ?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
આપણે હવે ધોકાને જ તહેવારની યાદીમાં સમાવી લેવો જોઈએ.

(૧૫) ચા કરતાં કિટલી ગરમ હોય છે. આવું કેમ હોય છે ?
જીગર આહીર (દાત્રાણા-પાટણ)
કેમ કે કીટલી પર ચાનું રક્ષણ કરવાનું ટેન્શન હોય છે. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# આંખમાં કાચનું કણ પડે તે સારું પણ દોષ દૃષ્ટિ સારી નહિ...!

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય



દલપતરામને એમના એ જૂના જમાનાની પ્રતિભા અને એક સર્વોત્તમ માનવહૃદય તરીકે જુઓ તો અદ્વિતીય છે. એમણે તત્કાલીન સમાજની અનેક કહેવાતી હોશિયારીને નિશાનમાં લીધેલી છે. બીજાનો વાંક જોવો અને ઉચ્ચારવો એ એક મોટું દૂષણ અને અભિમાનનું પ્રદર્શન છે. જો કે શાસ્ત્રોએ તો સ્પષ્ટ કહ્યું છે કે મૂર્ખ લોકોના વચનો સહન કરે એ સંત છે. પરંતુ હવે સાવ કંઈ એવું નથી કે વાંકદેખાઓને તમે મૂર્ખ કહી શકો. જેમની પોતાની સમજણ પૂરી વિકસી ન હોય તેઓ તો પોતાની ટીકાથી ભડકી ઉઠે. ભલભલા વિદ્વાનો પણ ટીકા સાંભળીને નિરુત્સાહી થતા જોવા મળે છે.

ટીકાને કારણે મોટા મનોરથો પડતા મૂકનારા લોકો પણ બહુ હોય છે. એક વર્ગ એવો છે કે એ ટીકા અને ટીકાકાર બન્નેને ગણકારતો નથી. પરંતુ ટીકા એમ કંઈ જલ્દી વિલુપ્ત પણ થતી નથી. દલપતરામે ટીકાકારની ટીકા કરી છે. એમની એ રચના પર પંચતંત્રનો એટલો પ્રભાવ છે કે કથયિતવ્ય માટે એમણે પ્રાણીઓની સુંદર પાત્રસૃષ્ટિ ઊભી કરી છે. પણ ચોતરફ મનુષ્યના લક્ષણોની જ છાલક છે. સહુને ઊંટ પર હસવાની મઝા પડે છે કારણ કે જેના પોતાના અઢારેય અંગ વાંકા છે એ ઊંટ સ્વદર્શન વીસરી જઈને અન્યોના દોષનું ઉદગાન કરવામાં આનંદ લે છે. આમાં દલપતધર્મ એ છે કે બીજાના એકાદ દોષની જગતને જાણ કરવાનો ઉત્સાહ આપણામાં પ્રગટે ત્યારે સ્વયંના અષ્ટાદશ દોષનું પ્રથમ ગાન કરવું.

દલપતરામે આ રચનામાં ભાવકને એકદોષી વાંકી ચાંચનો પોપટ ધાર્યો નથી. કે એવા કોઈ એકદોષી પાત્રમાં મનેખ ઢાળ્યા નથી. આમાં ખરેખર તો દરેકને ઊંટ હોવાનું પ્રમાણપત્ર આપવામાં કવિને રસ છે અને એ પ્રમાણિતતા સ્વકલ્યાણાર્થે સ્વીકારી લેવા જેવી છે. કારણ કે એકવાર પોતાના દોષ તરફ ધ્યાન જશે તો બીજાઓની ટીકા કરવામાં વેડફાતો સમય બચશે અને એ જ સમયને સ્વદોષ ધોવામાં કામે લગાડી શકાશે.

કવિનો હેતુ આપણને ગુલાબ જોતાં કરવાનો છે. કારણ કે કાંટા જોઈ જોઈને આંખો થાકી ગઈ છે. પરંતુ ગુલાબ દર્શન માટે પ્રથમ કાંટાને પડતા મૂકવાના છે. માણસનું મન ચાહે છે ગુલાબ પણ એનો હાથ સીધો કાંટો જ પકડે છે. બીજાના દોષના ઢોલ વગાડતી વેળાએ આપણે એમ માનતા હોઈએ છીએ કે એ દોષ મારામાં તો નથી. એટલે પરનિંદાને આપણે સ્વસ્તુતિ માનીને ચાલીએ છીએ. એટલે જ નિંદારસ એ અભિમાનીઓએ બનાવેલું એક શરાબઘર છે. જે ખુદ અભિમાની નથી એને કોઈનીય ટીકા કરવામાં રસ નથી. આ મહામોહક જિંદગીમાં કોઈના દોષ જોઈને પોતાની જ આંખમાં ધૂળ નાંખવી એના બદલે પહાડો, નદીઓ અને રંગ બદલતા આકાશને જ ન જોઈએ ! હવે આ જે નવો વેબ સિરિઝ યુગ શરૂ થયો છે એણે વ્યક્તિમત્તાને અધિક પ્રોત્સાહન આપ્યું છે. એટલે એ એક શુભ સંકેત પણ છે કે નવી પેઢીને બીજાઓની કોઈ પણ વાતમાં અકારણ રસ નથી. નવી પેઢીને એ ખબર પડી ગઈ છે કે અનંતવાર આ પૃથ્વી પર જન્મ લઈએ તો પણ વસુંધરાના સૌન્દર્યને પૂર્ણતઃ માણી લેવાય એમ નથી. તો શા માટે કુદરતના ખોળે રમવાનું પડતું મૂકીને વળી એ પારકી પંચાતમાં પડવું ? શિયાળના મુખમાં કવિએ પંક્તિ મૂકીને ઊંટને કહ્યું છે કે હે વક્રાધિપતિ, આપના તો અઢારેય અંગ વાંકા છે... એમાં આપણે એમ નથી સમજવાનું કે ઊંટના અઢાર વાંકા છે.

આ વાત તો આપડી છે કંઈ ઊંટની તો નથી. એટલે અન્યનું તો એક વાંકુ ને આપણા જ અઢાર વાંકા છે એમ સમજવાનું ને મન માને તો સ્વીકારવાનું છે. એનાથી શાન્તિ જ પ્રાપ્ત થવાની છે. ઊંટમાં જે બાહ્યસ્વરૂપ છે એ જ આપણું આંતરરૂપ હોઈ શકે છે એ તરફ દલપતરામે ધ્યાન દોર્યું છે અને એવું ન હોય તો બહુ સારી વાત છે.


ગીતામાં દૈવાસૂરસંપત્તિવિભાગ યોગ છે. એમાં દેવત્વના એટલે કે મનુષ્યમાં સંભવ એવા જે સોળ ગુણનો સંપુટ છે એ જેનામાં વિદ્યમાન હોય એ જ ઊંટત્વથી મુક્ત હોઈ શકે. એટલે દલપતરામ તો એટલું જ કહે છે કે ઊંટ એ આપણા ભીતરી રૂપનું બિંબ ન બની જાય એ જોજો. સાચવજો. પૂરા નહિ તો અરધા ઊંટ હોઈએ તોય જિંદગી હાથમાંથી સરી જાય છે. નિંદા ન કરે કેની રે... નરસૈંયો કહે કે કોઈનીય નિંદા ન કરે એ વૈષ્ણવ છે. પણ અઘરું છે. મધ, કેરી અને સાકરથીય મધુર નિંદારસ છે. લોકોને એમાં એટલી બધી મઝા પડતી હોય છે કે ઉછળી ઉછળીને બીજાનો ઉપહાસ કરે છે. ટોળકી બનાવીને બેઠા હોય તો નિંદાના વેલા ને વહેણ હાલ્યા જાય છે.


જ્યારે સમાનવૃત્તિ ધરાવનારાઓ ટોળે વળે છે ત્યારે તો વાણીને ઘસી ઘસીને કોઈનું નિકંદન લાવવા બેઠા હોય એવું લાગે છે. એક જણ કંઈક વાટે, ને પછી એમાં કોઈ મીઠુ તો કોઈ મરચુ એમ વઘાર આગળ ચલાવે છે. એવી એ જામી ગયેલી ટોળકી જ્યારે મસ્ત હોય છે ત્યારે ત્યાં એકાએક દલપતરામ પ્રગટ થાય છે ને કહે છે કે આપણા બધાના તો અઢાર-અઢાર વાંકા નથી ને ? જરા જોઈ લેજો.

ખરેખર તો સમયનો નિરંતર વ્યય કરવાની આ પ્રવૃત્તિ છે. આપણા દેશમાં ખેલાડીઓને, કલાકારોને અને રાજનેતાઓને સલાહ આપનારો મોટો સમુદાય છે. તેઓ આવી નહિ તો તેવી પણ બિનસર્જનાત્મક કાર્યવાહી શોધી લે છે. એમણે નિંદારસમાં પસાર કરેલો સમય જો ભક્તિમાં પસાર કર્યો હોય તો વિષ્ણુ અને લક્ષ્મી એમના આંગણામાં રમતા હોય અને એ જ સમય જો કોઈ હિમાલયન લક્ષ્યાંક હાંસલ કરવામાં લગાવ્યો હોય તો તેઓ એક એક ડગલે ક્યાંના ક્યાંય પહોંચી ગયા હોય. તેઓને શત્રુની જરૂર નથી. કારણ કે તેઓ પોતે જ પોતાના દુશ્મન છે.

ક્યારેક એવા સંયોગો પણ રચાઈ જાય છે કે તમારે વાતોના પ્રવાહમાં તણાવું પડે. તો એ સમયે ઘટનાસ્થળ છોડી દેવું એ જ તીર્થાટન કરવા બરાબર છે. સામે કદાચ સો વ્યક્તિ ટીકાનો ધોધ વરસાવતા હોય તોય મૌન જ કાર્યસાધક નીવડે છે. હદ થાય તો કહી પણ શકાય કે તમને અનુભવ છે એવો મારો કોઈ અનુભવ નથી અને હું કોઈ માન્યતાઓને સહારે નિવેદન કરી શકુ નહિ. આ સંસારમાં એવું પણ જોવામાં આવે છે કે જેની તેઓ ટીકા કરતા હોય એમને જ શરણે જવાના દિવસો તેમના ઉંબરે આવે છે. ઈંગ્લિશમાં એક કહેવત છે કે જાઓ ત્યારે બારણું પછાડીને ન જતાં, કારણ કે ભાવિ સમયમાં કદાચ તમે ફરી અહીં આવવા ચાહો...! ■

# પિયા કા ઘર

વાર્તા વિશ્વ

યોગેશ પંડયા




કોઈ નવી નવેલી ભાભીની આંખોમાં છલકતા પ્યાર જેવો શિયાળો જામ્યો હતો. અને કોઈ રૂપાંગનાની કાળી ભમ્મર આંખોમાં કાજલ આંજ્યુ હોય એવો કાજલઘેરો ગાઢ અંધકાર અવનિ ઉપર પથરાઈ ચૂક્યો હતો. આખો દિવસ પોતાની સજનીનું મોઢું જોયા વગરનો જ પસાર થયો હોય અને સાંજ પડ્યે એ સાજણ સજનીનું હેત પીવા તરસ્યો થાય એવો તરસ્યો સમય થઈ ચૂક્યો હતો. આકાશમાં ચંદ્રમા ઉંચકાયો જ હતો બરાબર એવા ટાણે બાદલપર જેવા ગામના રણમલ મુખીની દીકરી અને દોમદોમ સાહ્યબીમાં ઉછરેલી રેવાને ઘરઘીને જ્યારે મગન શ્યામગઢના પાદરમાં આવ્યો ત્યારે રેવાના કમખા બંધ છલકતું જોબન અને પોષી પૂનમના ચાંદા જેવું ઉજળું રૂપ જોઈને ગામની સ્ત્રીઓ મોઢામાં આંગળા નાખી ગઈ. કે આ તો કાગડો દહીંથરૂ ઉપાડી લાવ્યો.

તો સાથોસાથ સગાવહાલા પણ વિચારમાં પડી ગયા કે આવી પદમણી જેવી સ્ત્રી સાથે 'પહેલા પતિ' ને શું વાંધો પડ્યો હશે કે ફારગતિ (છૂટાછેડા) થઈ ગઈ! અને એ વિચાર તો મગનને પણ આવેલો જ્યારે છેડાછેડી છોડવા માતાજીના મઢે પહોંચ્યા હતા ત્યારે માતાજીના સ્થાનકે ઝળહળતા દીવાની સાંખે રેવાનો દોઢ હાથનો ઘૂંઘટો ઉઘડ્યો અને રેવાનો રૂપથી છલકતો ઝળહળતો ચહેરો દેખાયો. મગનને એ જ પળે પહેલી ધણિયાણી યાદ આવી ગઈ: 'ક્યાં મંછા અને ક્યાં આ રૂપરૂપના અંબાર સમી રેવા! લાખ ગાડાનો ફરે છે.'

છેડાછેડી છોડાઈ ગઈ. અને મગનની નાની બહેન ઘરે લઈ આવી પણ રેવાએ ઘૂંઘટની આડમાંથી જોયું તો ફક્ત એક ઓરડાવાળું ઘર હતું. આગળ ફળિયાની થોડી જગ્યામાં વાળેલું એક ઢાળિયું. ડાબા હાથે ફરજો, ગાંડા બાવળિયા અને થોરના ભૂંભલામાંથી બનાવેલી વાડ, અને ખડકીના બદલે એવી ગાંડા બાવળના સોટામાંથી બનાવેલી ખડકી! રેવા જોઈ રહી. પોતે ક્યાં આવી ગઈ? એવો એક વિચાર તેના માનસપટ ઉપર ફીણફીણ બની પથરાઈ વળ્યો.

ક્યાં પોતાના બાપુની દોમદોમ સાહ્યબી અને ક્યાં આ ગરીબાઈ? ક્યાં એ હવેલી જેવડું મકાન અને ક્યાં આ બાવાની મઢી જેવું ઘર! પણ એણે હસીને સ્વીકારી લીધું.

રાત પડી. એક તો શિયાળાનો દિવસ ! માગસર પુરો રંગમાં હતો. હજી તો સાંજ અહીંથી હમણા થોડી ક્ષણો પહેલા નીકળીને દૂર ઊભા ડુંગરાની નજીક પહોંચી જ હતી કે ત્યાં અંધારાની બાથમાં બંધાઈને પાદરમાં ઉતરી ગયેલી ટાઢે માથું કાઢ્યું. સમસમ કરતી વહેતી રાત શેરીઓમાં ફરી વળી. ઘડીકમાં તો સોપો પડી ગયો.

મગન અને રેવાના સહજીવનની આજે પહેલી રાત હતી! પણ પોતાની વૃધ્ધ અને દમિયલ માએ એકનો એક ઓરડો રોકી લીધો હતો. અને પોતાને અને પોતાની નવી નવી આશાભરી શમણાવંતી વહુને આજે ઢાળિયાની આડશમાં સુવાનું હતું. વાંસની પટ્ટીઓ બાંધીને ગુણપાટ અને સિમેન્ટની થેલીઓથી બનાવેલા બુંગણ એ વાંસપટ્ટીઓની આડે બાંધી દીધા હતા. અંદર મચ્છરનો તો કોઈ પાર નહોતો. ઢોરની બગાયુ, માંકડ, ચાંચડ આખી રાત બન્નેને ફોલી ઠોલી ખાવાના હતા. મગનને થયુઃ બહુ ખોટું થયું.. રેવાના દિલમાં અત્યારે શું વીતતી હશે? એના નિહાકા મને જરૂર લાગવાના! ક્યાં આ કાચની પૂતળી જેવી રેશમી કાયા અને ક્યાં આ સહજીવનની પહેલી પથારી? જીંદગીના પથ પર પહેલે જ પગલે કાંટા અને કાંકરા?

પણ રેવાને હવે મનમાં એ માંહ્યલું કશું નહોતું. એને તો બસ, સાસરિયાનો નેહ ખપતો હતો. એમ તો એ ખાનદાન ઘરની દીકરી હતી. આવા બધા દુઃખને એ ગાંઠે બાંધે એમ નહોતી. ગામના ગરીબની દશા એણે જોઈ હતી. પોતાની ખેતર વાડીએ કામ કરવા, દાડિયે આવતી કમુભાભીના ઘરે એ ઘણીવાર જતી. અને કમુભાભીના સંસારને એ જોતી. નકરી ગરીબાઈ હતી. એમાં ચાર છોકરાનો વસ્તાર! પણ કમુભાભીનો ઘરવાળો વાલજી, કમુને હથેળીમાં રાખતો! વાલજીના વ્હાલે કમુનો સંસાર ઉજળો હતો. નહિંતર કમુય ક્યારેક રેવાને કહેતી: "રેવા બુ'ન, અત્યારે તમે જેમ રહો છો એમ જ મારા પિયર હું મોટી થઈ છું. મારા બાપુ ગામના સરપંચ. આઠ બળદની ખેડ્ય છે અમારે. ત્રણસો વીઘાની લીલીછમ વાડી અને દોઢસો વીઘાનું ખેતર! પંદરથી પચ્ચીસ દાડિયાઓનું તો અમારું રોજનું રસોડું! હા, અરજણ મુખીની વાડીએ જે દાડિયે આવતું એને હાર્યોહાર્ય ભાત લઈને નહીં આવવાનું. રોટલા તો અરજણ મુખી આપતા!

રેવા, કમુભાભીની વાતું ધ્યાનથી સાંભળતી. ક્યારેક એનેય એવો વિચાર આવી જતો કે કદાચ પોતાના જીવતરમાં આવું બની શકે. બાપુના ઘરે દોમદોમ સાહ્યબી ભોગવી છે. સાસરવાટમાં સાહ્યબી તો ઠેકાણે રહી ગઈ, દાડિયે પણ જાવું પડે. એટલે મનોમન એ માનસિક રીતે તૈયાર થઈ ગયેલી. એમાં એના લગ્ન ભીમા સાથે થયાં. અલબત્ત, મેડીબંધ ખાધેપીધે સુખી ઘર હતું. રૂપિયાની રેલમછેલ હતી. પણ ભીમો?

એકેય એવી એબ બાકી નહોતી જેમાં ભીમો સામેલ ન હોય. દારૂનું પીઠું ભીમાના રૂપિયાથી છલકતું રહેતું જેટલો દારૂ એ પીઠામાં નહોતો છલકતો. જુગારના અડ્ડામાં ભીમાની હાજરીથી રંગત આવી જતી. ગામના અવાવરૂ મંદિરે કોઈ બાવો આવ્યો હોય, ભીમો ત્યાં પહોંચતો અને ગાંજો ચરસ પી પીને પોતે પણ અઘોરી બની જતો. ઘરે રૂપરૂપના અંબાર જેવી પત્ની રેવા રાતોની રાતો પોચી પોચી પથારી ઉપર તરસ્યા કરતી. પણ ભીમાને મન રેવા 'કશું' જ નહોતી. રેવાને એણે કદિ પ્રેમથી બોલાવી તો નહોતી, પરંતુ એની સામે પ્યારથી મીટ માંડીને જોયું પણ નહોતું. પતિના પ્રેમના વલવલાટમાં રેવા મુરઝાતી હતી.

ધીરે ધીરે રેવા અને ભીમા વચ્ચે બોલાચાલી થવા લાગી. બોલાચાલીએ અંતે જીભાજોડીનું રૂપ લીધું. રેવા ક્યારેક વાડીએ કે આડોશ-પડોશમાં કોઈ પુરૂષ સાથે બોલતી ચાલતી તો ભીમો એને મારતો. રેવા પ્રતિકાર કરતી તો ઝૂડી નાખતો... અંતે રેવાથી ન રહેવાયું. એ પિયર ચાલી આવી. આવીને એના બાપુને વાત કરી. મુખીનો આત્મા કકળી ઉઠ્યો અને છુટ્ટુ કરી દીધું!!

એકઢાળિયા ઉપર ઢાળેલા સાંધામાંચી જેવા ખાટલામાં બેઠી બેઠી રેવા ફિલ્મની પટ્ટી જેમ સડસડાટ વહી જતી જીવતરની ફિલ્મને નિહાળી રહી હતી. ત્યાં જ કોઈનો પગરવ સંભળાયો. જોયું તો મગન!

ગુલાબી અચકનનો બુશર્ટ, હંસની પાંખ જેવી ચોરણી, શરીર ઉપર નવરંગી રેશમી શાલ, કાનમાં અતરના પૂમડા, પિતરાઈ ભાભીની બાંધણીનો સાફો, બેય હાથની આંગળીઓમાં નકલી સોનાની વીંટીઓ. મગન સોહામણો અને નમણો લાગતો હતો... આવીને એ રેવા પાસે ઊભો રહી ગયો. રેવા મંદ મંદ મલકી રહી. મગન નજદીક આવ્યો અને પછી રેવાની સામે બેઠો. ભરત ભરેલા ફૂલવાળા ગુલાબી ઓછાડમાં એક-બે સળ પડી. રેવાની હૈયાની સિતાર રણઝણી ઉઠી. મગને રેવાનું મુખારવિંદ પોતાની બન્ને હથેળીઓમાં ઝાલ્યુ અને... સાંજ પડ્યે બીડાઈ જતા કમળફૂલ જેવી રેવાની અર્ધ નિમિલિત પાંપણો બીડાઈ ગઈ....

રાત્રિનો ત્રીજો પ્રહર તો ક્યારનોય ચાલુ થઈ ગયો હતો. એની ઉપર દોઢ ઘટિકા વીતી ગઈ હતી. અત્યાર સુધી 'કહુ' 'કહુ' થતી વાત મગન હજી કહી શક્યો નહોતો. પણ રેવા સમજી ગઈ હતી કે મગન કૈંક કહેવા માગે છે. એ મગન ઉપર ઝૂકી અને એક હાથે મગનના ઝૂલ્ફાને સંવારતી ટહુકી: "એક વાત પૂછું?"

"એક નહીં ગાંડી, સો વાત પૂછને."

"તમે મને ક્યારનાય કશુંક કહેવા માગો છો, પણ બોલતા નથી."

મગન કાંઈ બોલ્યો નહીં પણ મનમાં થઈ ગયું કે આ સ્ત્રીમાં કંઈ કહેવાપણું નથી. મનની વાત બહુ આસાનીથી કળી જાય છે.

"બોલોને... કેમ મૌન થઈ ગયા?"

"હું નહીં બોલી શકું..." મગને નિરાશાથી માથું ધુણાવ્યુઃ "ના." "કેમ હવે શું છે? હવે તો આપણે જીવતરના મારગ ઉપર હારોહાર ચાલવાના છીએ, એકબીજાનો સહારો બનીને! એકબીજાના સુખદુઃખ વહેંચીને જીવવાનું છે. તો પછી આ પડદા શેના?"

"રેવા..." પાણીમાં અગ્નિ પ્રગટાવે તેવો ઊંડો નિઃશ્વાસ નાખીને મગન બોલ્યોઃ "મને પારાવાર પસ્તાવો થાય છે કે તારી ફૂલગુલાબી જેવી જીંદગીને મેં કાળો રંગ લગાડ્યો. તું મારા માટે નહીં, પણ કોઈ બીજા જણ માટે હતી. ક્યાં તારી ઝરૂખાબંધ હવેલી અને ક્યાં આ ગરીબનું એકઢાળિયું?! હું તને બીજું તો કંઈ આપી ન શક્યો પણ એક સોહાગણને નિરાંતે સુવા માટે એક બંધ ઓરડો પણ ન આપી શક્યો! હું જાણું છું કે તારા હૈયા ઉપર શું વિતતી હશે!"

"અરે મારા ભોળા ભરથાર..." રેવા નિખાલસતાભર્યું હસી પડીઃ "અત્યાર સુધીની મારી જીંદગીના તમામ પાના મેં તમારી આગળ ખુલ્લા કરી દીધા. એમાં મારા પહેલા પતિ સાથે મને કેમ ન ફાવ્યુ એ પણ કહી દીધું. મારે એવા ઓરડાની કોઈ અબળખા નથી. આ વાંસપટ્ટીનું બનેલું આ એકઢાળિયું 'ય મારા માટે તો સ્વર્ગથી 'ય અદકું છે. અરે, એક મારા સાયબાના હૈયે, એક મારા નામનું ઘર બંધાયું છે પછી મારે એવા રંગમહેલની શું અબળખા, બોલો તો...!" ■

# એ સાચું, પરંતુ નોકરિયાતને બધી વાતે સતર્ક તો રહેવું જ પડે



# રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

"એ સાચું, પરંતુ નોકરિયાતને બધી વાતે સતર્ક તો રહેવું જ પડે. કોઈપણ સરકારી ખાતામાં સાવ ભોળપણ તો નકામું છે.. અરે હા..., તારી સગાઈ કે પછી લગ્ન..."

"લગ્નનાં બંધનમાં હું હજી બંધાયો નથી, મને એવી કોઈ ચિંતા પણ નથી. ચિંતા કરતો પણ નથી. મારી ઉંમર એક મહિના પછી એકવીસ વર્ષની થશે. અત્યારથી આવું સગાઈ કે લગ્નનું વિચાર્યુ જ નથી. સર! આગે આગે દેખા જાયેગા..."

"તારી વાત તો સો ટકા સાચી છે. લગ્ન એટલે આમ તો બંધનનો પર્યાય જ કહી શકાય. લગ્નનું નગ્ન સત્ય એટલે અતૂટ બંધન ! પરંતુ આ સમાજની સુવ્યવસ્થા જાળવવા માટે આવું બંધન અંતે તો બધાને સ્વીકારવું જ પડે છે...! એમાં કંઈ આપણું ચાલતું નથી."

"તમારી વાત સાચી છે સાહેબ, સો ટકા સાચી છે. પરંતુ ઉંમર પ્રમાણે જેટલું ખેંચાય તેટલું ખેંચવું એ પણ મારા માટે ખૂબ જ લાભદાયી છે. સ્વતંત્ર વ્યક્તિ કોઈપણ નિર્ણય પળભરમાં લઈ શકે છે.. એ તો સાચું ને ? મને તો વાંચન અને લેખનનો ખૂબ ખૂબ શોખ છે. વધારાના સમયે આ પ્રવૃત્તિમાં મને માનસિક શાંતિ મળે છે. આગળ કહું તો... મને ફિલ્મ જોવા જવું પણ પ્રિય છે..."

આટલું બોલતાંની સાથે દામલ ઊભો થયો. એટલે મહેશ પણ ઊભો થયો. બંને પગરખાં પહેરી દરવાજામાંથી બહાર નીકળ્યા. ચાલતાં ચાલતાં દામલ બોલ્યો : "મને તો સાલુ આ માવાનું બંધાણ ખરૂં લાગી ગયું છે. છતાંપણ હવે તો મેં ઘણા ઓછા કરી નાખ્યા છે. પણ સાવ તો છોડી શકાતા નથી. શું કરવું ?"

"હું તો તમાકુ અને પાન-માવાથી ખૂબ જ છેટો રહ્યો છું. કયારેક સાથી મિત્રો ખૂબ વધારે આગ્રહ કરે તો પછી સાવ સાદુ મીઠું પાન ખાઈ લઉં..."

"મીઠું પાન ખાવાથી તેનું બંધાણ કે વ્યસન થતું નથી. મીઠું પાન ખાતા આજના યુવાનો અને વિદ્યાર્થીઓ માટે આ તો ખૂબ સારી ટેવ કહેવાય. બાકી વ્યસન એટલે વ્યસન...! મરતા સુધી વ્યસન સાથ નથી છોડતું. આ હું તને જયાં લઈ જાઉં છું એ પાનનો ગલ્લો ખૂબ જ પ્રખ્યાત છે. મોટા ભાગના બધા બંધાણીઓ એટલે કે વ્યસનીઓ આ કાળી પાનના ગલ્લે ટોળું વળેલા જોવા મળે."

આમ વાતો કરતાં કરતાં બન્ને પાના ગલ્લે પહોંચી ગયા. દામલે તો તેના માટે માવાનો ઓર્ડર આપી દીધો. પછી વધારામાં મહેશને પૂછયા વગર જ મસ્ત મીઠા પાનનો પણ ઓર્ડર આપ્યો. થોડીવારમાં તો માવો અને મીઠું પાન આવી ગયું. ખૂબ ચોળેલો માવો દામલે તેના મોંમાં મૂક્યો અને મીઠું પાન મહેશને આપ્યું. મહેશે પણ પાનને ગલાફોમાં ભરાવ્યું.

પાનના ગલ્લેથી થોડે જ દૂર રત્નેશ્વર મહાદેવનું મંદિર આવેલું હતું. આ મંદિરના વિશાળ મેદાનમાં સુંદર મજાનો બગીચો હતો. દામલ મહેશને લઈ બગીચામાં દાખલ થયો. બગીચામાં બેસવા માટેની સુંદર મજાની બેઠકની વ્યવસ્થા પણ હતી. થોડીવારમાં બન્નેના મન-મગજ પ્રફુલ્લિત થઈ ગયા. થોડીવાર બગીચાની મજા માણી અને પછી બન્ને પાછા ઘર તરફ આવવા રવાના થયા. રસ્તામાં ચાલતાં ચાલતાં અલક-મલકની વાતો કરતા રહ્યા. ત્યારે સંધ્યાનો કેસરી રંગ આકાશમાં આજે મસ્ત રીતે ખીલી ઊઠયો હતો. વાતાવરણ ખૂબ જ આહલાદક હતું. સાંજના સાત વાગ્યે દામલ અને મહેશ ઘરમાં દાખલ થયા.

ઘર ખુલ્લું હતું એટલે દામલ સમજી ગયો કે શાંતુ અંદર જ હોય, સ્કૂલેથી આવી ગઈ હોય. ત્યાં તો રસોડામાંથી બહાર આવતા શાંતુ બોલી : "હું આજે થોડી વહેલી આવી હતી, પરંતુ તમે કયાં કયાં ફરી આવ્યા... ?"

"મહેશને હું રત્નેશ્વર મહાદેવના મંદિરે લઈ ગયો હતો. સમય તો કાઢવો રહ્યોને...?" દામલે તરત જ જવાબ આપ્યો.

"સારૂ કર્યું, એ બહાને થોડું વોકિંગ પણ થઈ ગયું...." આટલું બોલી શાંતુ તો પાછી રસોડામાં દાખલ થઈ ગઈ. ત્યાં તો વળી પાછી તરત જ પાણીના ગ્લાસ હાથમાં પકડી તે બહાર આવી અને પાણી આપવા માટે દામલ સામે ઊભી રહી. એટલે જરા હસીને દામલે તરત કહ્યું....

"મેં તો હમણાં જ માવો મોઢામાં નાખ્યો છે, મારે અત્યારે પાણી નથી પીવું. મહેશને પીવું હોય તો આપ... "

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# કેન્યામાં 'કચ્છ-સામત્રા હિન્દુ કોમ્યુનિટી' દ્વારા ૫૦ શાળાઓના નિર્માણનો સંકલ્પ

અમરેલી, તા.૧૧

કેન્યાના અંતરિયાળ માચા-કોસ વિસ્તારમાં વસતા ગરીબ ગામડાંના બાળકોને શિક્ષણ આપવાના ઉમદા હેતુથી શ્રી કચ્છી લેઉવા પટેલ સમાજ-સામત્રા હિન્દુ કોમ્યુનિટીએ કુલ ૫૦ શાળાઓ બાંધવાનો અભિનંદનીય સંકલ્પ કર્યો છે. અત્યાર સુધીમાં, આમાંથી ૨૯ શાળાઓનું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું છે. તાજેતરમાં નાઈરોબી પાસેના માચા-કોસ વિસ્તારમાં આઠ વિશાળ ક્લાસરૂમ અને દસ ટોઈલેટની સુવિધાવાળી એક નવી શાળાનું નવનિર્માણ થયું, જેનું લોકાર્પણ એ સજીવીપીના અધ્યક્ષ સ્વામી



માધવપ્રિયદાસજીના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. કે. સોલ્ટવાળા કાનજીભાઈ વરસાણી અને તેમના ધર્મપત્ની ધનબાઈના પરિવારે ૫૦ માંથી ૧૦ શાળાઓ સ્પોન્સર કરી છે. આ ભગીરથ કાર્યમાં સામત્રા ગ્રુપના સભ્યો, જેમાં દેવશીભાઈ વિશ્રામ વરસાણી, દિનેશભાઈ ધનજી વરસાણી, મનજીભાઈ હરજી વરસાણી, વગેરેનો સમાવેશ થાય છે, તેમણે ફંડ ભેગું કરીને સહયોગ આપ્યો હતો. લોકાર્પણ પ્રસંગે સ્થાનિક સાંસદ, ક્રિશ્ચિયન ધર્મના ધર્મગુરુઓ તેમજ પ્રતાપભાઈ ડોડીયા અને અન્ય દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્વામી માધવપ્રિયદાસજીએ જૂની જર્જરિત શાળાઓની દયનીય હાલતનો ઉલ્લેખ કરીને નવી શાળાને 'ધરતી ઉપરના સ્વર્ગ' જેવી ગણાવી હતી અને આ નિઃસ્વાર્થ સેવા બદલ સામત્રા ગ્રુપને અભિનંદન પાઠવ્યા હતા.

# ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર ૧૦૦% ટેરિફ લાદવાની જાહેરાત કરી : નવો દર પહેલી નવેમ્બરથી લાગુ

વોશિંગ્ટન,તા.૧૧

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર ૧૦૦% ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. ચીનથી આયાત થતી ચીજો પર પહેલાંથી જ ૩૦% ટેરિફ લાદવામાં આવેલ છે. આનાથી કુલ ટેરિફ ૧૩૦% થશે. ટ્રમ્પે શુક્રવારે જાહેરાત કરી હતી કે નવા ટેરિફ ૧ નવેમ્બરથી લાગુ થશે. ટ્રમ્પે ૧ નવેમ્બરથી શરૂ થતા તમામ



મહત્ત્વપૂર્ણ સોફ્ટવેરની નિકાસને નિયંત્રિત કરવાની પણ હાકલ કરી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું- "આનાથી વિશ્વના લગભગ દરેક દેશ માટે સમસ્યાઓ ઊભી થશે." હકીકતમાં ચીને ૯ ઓક્ટોબરના રોજ દુર્લભ પૃથ્વી ખનિજો (વાસ્તવિક પૃથ્વી સામગ્રી) પર નિકાસ પ્રતિબંધો કડક કર્યા હતા, જેના જવાબમાં ટ્રમ્પે નવા ટેરિફ લાદ્યા છે. આ નિયમો હેઠળ ચીની ખનિજો અથવા ટેક્નોલોજીનો ઉપયોગ કરતી વિદેશી કંપનીઓને લાઈસન્સ મેળવવાની જરૂર પડશે. ચીને એમ પણ કહ્યું હતું કે તે કોઈપણ વિદેશી સૈન્ય સાથે સંકળાયેલી કંપનીઓને આવા લાઈસન્સ આપશે નહીં.

# પં.બંગાળમાં ઓડિશાની વિદ્યાર્થિની પર સામૂહિક બળાત્કાર, પીડિતાને સારવારમાં ખસેડવામાં આવી

કોલકતા,તા.૧૧

પશ્ચિમ બંગાળમાં કાયદો અને વ્યવસ્થા ગંભીર બની છે. થોડા દિવસો પહેલા જ, ભાજપના મહિલા સાંસદ પર અજાણ્યા માણસો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો અને તેને ઘાયલ કરવામાં આવ્યા હતા. હવે, બંગાળમાંથી વધુ એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. દુર્ગાપુરની એક ખાનગી મેડિકલ કોલેજની વિદ્યાર્થિની પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો. આ ઘટનાએ ફરી એકવાર બંગાળમાં મહિલાઓની સલામતી પર સવાલો ઉભા કર્યા છે. અહેવાલ મુજબ, પશ્ચિમ બર્ધમાન જિલ્લામાં ઓડિશાની એક મેડિકલ કોલેજની વિદ્યાર્થિની પર અજાણ્યા વ્યક્તિઓ દ્વારા બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ ઘટના શુક્રવારે રાત્રે દુર્ગાપુરમાં ખાનગી મેડિકલ કોલેજ કેમ્પસ નજીક બની હતી. બીજા વર્ષની વિદ્યાર્થિની મિત્ર સાથે રાત્રિભોજન માટે બહાર ગઈ હોવાનું કહેવાય છે.

# ડિજિટલ યુગમાં છોકરીઓની સુરક્ષા ચિંતાનો વિષય છે, ખાસ કાનૂની તાલીમની જરૂર : સીજેઆઈ ગવઈ

નવીદિલ્હી,તા.૧૧

ચીફ જસ્ટિસ બીઆર ગવઈએ ડિજિટલ યુગમાં છોકરીઓની સલામતી અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે જણાવ્યું હતું કે ઓનલાઈન સતામણી, સાયબર હુમલા, ડિજિટલ સ્ટોકિંગ, વ્યક્તિગત ડેટાનો દુરુપયોગ અને ડીપફેક છબીઓ જેવા મુદ્દાઓને કારણે છોકરીઓ ગંભીર રીતે સંવેદનશીલ છે. તેમણે કાયદા અમલીકરણ



એજન્સીઓ અને નીતિ નિર્માતાઓ માટે વિશેષ કાયદા અને તાલીમની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સીજેઆઈ "બાળકની સલામતીઃ ભારતમાં તેના માટે સલામત અને સક્ષમ વાતાવરણ તરફ" પર રાષ્ટ્રીય વાર્ષિક હિસ્સેદાર પરામર્શને સંબોધિત કરી રહ્યા હતા. આ કાર્યક્રમ સુપ્રીમ કોર્ટની કિશોર ન્યાય સમિતિના નેજા હેઠળ યુનિસેફ ઈન્ડિયાના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે બંધારણીય અને કાનૂની રક્ષણ હોવા છતાં, દેશમાં ઘણી છોકરીઓ કમનસીબે હજુ પણ તેમના મૂળભૂત અધિકારો અને અસ્તિત્વ માટે જરૂરી મૂળભૂત આવશ્યકતાઓથી વંચિત છે. આ નબળાઈ તેમને જાતીય શોષણ, ઉત્પીડન અને અન્ય હાનિકારક પ્રથાઓ જેમ કે સ્ત્રી અંગોનું વિકૃતિકરણ, કુપોષણ, લિંગ-પસંદગીયુક્ત ગર્ભપાત, તસ્કરી અને તેમની ઈચ્છા વિરુદ્ધ બાળ લગ્નના વધુ જોખમમાં મૂકે છે.

# જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ તેના અંતિમ શ્વાસ લઈ રહ્યો છે : ગવર્નર મનોજ સિન્હા

શ્રીનગર,તા.૧૧

લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ શ્રીનગરના શેર-એ-કાશ્મીર ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં આયોજિત ૧૦મી અખિલ ભારતીય પોલીસ જુડો ક્લસ્ટર સ્પર્ધાનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ તેના અંતિમ શ્વાસ લઈ રહ્યો છે. તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર પોલીસ માત્ર આતંકવાદ સામે લડી રહી નથી, પરંતુ કાયદો અને વ્યવસ્થા પણ જાળવી રહી છે. નાગરિકોનું રક્ષણ કરવું એ સામાજિક-આર્થિક વિકાસનું એક મહત્વપૂર્ણ માધ્યમ પણ છે. પોલીસે કેન્દ્રશાસિત પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ અને એકંદર પ્રગતિ માટે શાંતિપૂર્ણ અને સ્થિર સમાજ સુનિશ્ચિત કર્યો છે. લેફ્ટનન્ટ ગવર્નરે કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં શાંતિએ અભૂતપૂર્વ પ્રગતિને સક્ષમ બનાવી છે અને લોકોના જીવનમાં સમૃદ્ધિ લાવી છે. દેશભરમાં સુરક્ષામાં નોંધપાત્ર સુધારો થયો છે.

# પીએમ મોદીની કહાની 'મેરા દેશ પહલે'નો શો ગિફ્ટ સિટીમાં યોજાયો

ગાંધીનગર,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આકાર લઈ રહેલા નવા ભારતના રૂપાંતરણની રોમાંચક કહાની 'મેરા દેશ પહલે'નો ગુજરાતમાં સૌપ્રથમ ભવ્ય શો શુક્રવારે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયો હતો. પીએમ મોદીની જન્મભૂમિ વડનગર જ્યાંથી તેમની પ્રેરણાદાયી જીવનયાત્રા શરૂ થઈ અને હવે દેશના વડાપ્રધાન તરીકે તેમણે ભારતને વિશ્વ ગૌરવ અપાવ્યું ત્યાં સુધીની સમગ્ર રોમાંચક સફર




તથા રાષ્ટ્રને સમર્પિત તેમના જીવનની વણકહી બાજુઓની પ્રસ્તુતિ માત્ર સાંસ્કૃતિક પ્રસ્તુતિ જ નહિ, રાષ્ટ્રીય જનચેતનાના આંદોલનને પ્રેક્ષકોની નજર સમક્ષ તાદશ કરનારી બની રહી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ, ઉદ્યોગ વ્યાપાર જગતના અગ્રણીઓ પંકજ પટેલ, પ્રણવ અદાણી, ટોરેન્ટ પરિવાર, એસોચેમના ચિંતન ઠાકર સહિત અનેક ગણમાન્ય અગ્રણીઓ, ઉદ્યોગ-વ્યાપારકારો અને મુખ્ય સચિવ પંકજ જોશી સહિતના વરિષ્ઠ સચિવો અને ઉચ્ચ અધિકારીઓએ આ મંચન માણ્યું હતું. લેખક, નિર્માતા અને પ્રસ્તુતકર્તા મનોજ મુંતશિરના રસાળ અને સચોટ સંચાલન સાથે પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અક્ષયકુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ ગિફ્ટ સિટી પરિસરને રાષ્ટ્રભક્તિમય બનાવી દીધું હતું.

# જમ્મુ અને કાશ્મીર સરહદ પર ફરી પાકિસ્તાની ડ્રોન દેખાતા ભારતીય સેનાનું સર્ચ ઓપરેશન

જમ્મુ,તા.૧૧

જમ્મુ અને કાશ્મીરના સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પરના ગામડાઓ પર બે પાકિસ્તાની ડ્રોન ફરતા જોવા મળ્યા હતા. ભારતીય ક્ષેત્રમાં પાકિસ્તાની ડ્રોન જોવા મળ્યા બાદ સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે, અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે શુક્રવારે મોડી રાત્રે ઘગવાલ



વિસ્તારના ચલિયારી ગામ અને રામગઢના ચમલિયાલ ગામ ઉપર ડ્રોન જોવા મળ્યા હતા. સરહદ સુરક્ષા દળોએ શનિવારે વહેલી સવારે બંને વિસ્તારોને ઘેરી લીધા હતા. સુરક્ષા કર્મચારીઓએ પોલીસ સાથે મળીને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું જેથી ખાતરી કરી શકાય કે સરહદની આ બાજુ ડ્રોન દ્વારા કોઈ હથિયારો કે માદક દ્રવ્યો ફેંકવામાં ન આવે. અધિકારીઓએ જણાવ્યું હતું કે વધુ માહિતી મળે ત્યાં સુધી સર્ચ ઓપરેશન ચાલુ છે. સ્થાનિકોને પણ ચેતવણી આપવામાં આવી છે. સુરક્ષા દળો ઉચ્ચ ચેતવણી પર છે. ડ્રોન દેખાતાની સાથે જ તેને તોડી પાડવામાં આવશે.

# કોડીનારની બે સેવાભાવી સંસ્થા દ્વારા મહારાષ્ટ્રના યુવાનના અંતિમ સંસ્કાર

કોડીનાર,તા. ૧૧

કોડીનારના દુદાણા ગામ ખાતેના ચેકડેમમાં મહારાષ્ટ્રનો યુવાન અકસ્માતે પડી જતા ડૂબી ગયો હતો. તેને બચાવવા માટે દુદાણાના લોકો, કોડીનાર નગરપાલિકા અને વેરાવળ ફાયર વિભાગે જહેમત ઉઠાવી હતી. અંતે અંદાજે ૩૫ વર્ષીય યુવાન કરણ માળીની લાશ મળી હતી. કોડીનાર પોલીસે તે અંગે કાયદેસરની કાર્યવાહી કરીને લાશ પીએમ માટે મોકલી હતી. કરણના મા-બાપ અગાઉ મૃત્યુ પામેલ હોવાથી કરણ એકલવાયું જીવન ગાળીને છુટક મજૂરી કરતો હતો. બે દિવસ સુધી તેના વાલી-વારસદાર ન



મળતા કોડીનારની સેવાભાવી સંસ્થા ગુરુનાનક યુવક મંડળના રમેશભાઈ બજાજ અને હરિૐ સેવા ટ્રસ્ટના જે.કે. મેર દ્વારા કોડીનાર પોલીસને સાથે રાખીને અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

# સોમનાથ ટ્રસ્ટ અવગણના કરતું હોવાનો સોમપુરા બ્રાહ્મણોનો આક્ષેપ

ઉના, તા. ૧૧

મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સોમનાથ દર્શન બાદ તીર્થ પુરોહિત શ્રી સોમપુરા બ્રાહ્મણ સમાજ અને સોમનાથ ટ્રસ્ટ વચ્ચે ફરી એકવાર જૂનો વિવાદ વકર્યો હતો.

સ્થાનિક સોમપુરા બ્રાહ્મણ સમાજે ટ્રસ્ટ દ્વારા તેમની અવગણના કરવામાં આવતા ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. સ્થાનિક બ્રાહ્મણોનો આક્ષેપ છે કે રાષ્ટ્રપતિના દર્શન કાર્યક્રમ



તસવીર : કૈલાશ ભટ્ટ

દરમિયાન સ્થાનિક બ્રાહ્મણોની અવગણના કરવામાં આવી હતી. આ મામલે યોગ્ય રજૂઆત કરવા માટે બહોળી સંખ્યામાં સોમપુરા બ્રાહ્મણો સોમનાથ ટ્રસ્ટની ઓફિસે પહોંચ્યા હતા. જોકે, તેમના પહોંચતા જ ટ્રસ્ટના જનરલ મેનેજર 'દવાખાનાનું' બહાનું કાઢીને ઓફિસ છોડીને ચાલ્યા ગયા હતા.

સ્થાનિક ભૂદેવોની મુખ્ય માંગ એ છે કે મંદિરની પૂજા વિધિ અને ધાર્મિક ક્રિયાઓ સંબંધિત પારંપારિક અધિકાર માત્ર અને માત્ર સોમપુરા બ્રાહ્મણ સમાજનો જ છે અને રહેશે. આ વિવાદ અંગે રજૂઆત કરતી વખતે મેનેજરે કથિત રીતે જણાવ્યું હતું કે આ બધું કલેક્ટરની સૂચના મુજબ

**બહોળી સંખ્યામાં સોમપુરા બ્રાહ્મણો સોમનાથ ટ્રસ્ટની ઓફિસે પહોંચ્યા**

કરવામાં આવ્યું હતું.

જોકે, આ મામલે કલેક્ટર સાથે ટેલિફોનિક વાતચીત કરવામાં આવતા તેમણે અન્ય ૪૦ જેટલા ભૂદેવો મંદિરની વિધિમાં હાજર હોવા અંગે પોતે અજાણ હોવાનું જણાવ્યું હતું, જેનાથી સમગ્ર મામલો વધુ ગૂંચવાયો હતો.

# દિલ્હી ટેસ્ટના બીજા દિવસે ટીમ ઈન્ડિયાની મજબૂત પકડ : વે.ઈ. ૧૪૦/૪

**શુભમન ગિલે પણ સદી ફટકારી, જયસ્વાલ બેવડી સદી ચૂક્યો**

ન્યુ દિલ્હી,તા.૧૧

દિલ્હી ટેસ્ટના બીજા દિવસે ટીમ ઈન્ડિયાએ વેસ્ટ ઈન્ડીઝ પર મજબૂત પકડ બનાવી લીધી છે. ટીમ ૩૭૮ રનથી આગળ છે. ભારતે ટી-બ્રેક પહેલાં ૫ વિકેટે ૫૧૮ રન પર પોતાની પહેલી ઈનિંગ ડિક્લેર કરી હતી.




દિવસની રમતના અંત સુધીમાં ઈન્ડિયાએ ચાર કેરેબિયન બેટ્સમેનને આઉટ કર્યા હતા. શનિવારે રમતના અંતે વેસ્ટ ઈન્ડીઝનો સ્કોર ૧૪૦/૪ હતો. શાઈ હોપ ૩૧ રન અને ટેવિન ઈમલાચ ૧૪ રન પર અણનમ રહ્યા. ભારતીય સ્પિનર રવીન્દ્ર જાડેજાએ કેપ્ટન રોસ્ટન ચેઝ (૦), તેજનારાયણ ચંદ્રપોલ (૩૪) અને જોન કેમ્પબેલ (૧૦)ને આઉટ કર્યા હતા. કુલદીપ યાદવે એલિક એથેનાઝ (૪૧)ને આઉટ કર્યો હતો. શનિવારે ભારતે ૩૧૮/૪ પર ઈનિંગ્સને આગળ ધપાવી હતી. યશસ્વી જયસ્વાલ દિવસની બીજી ઓવરમાં ભૂલને કારણે રન આઉટ થયો. તેણે ૧૭૫ રન બનાવ્યા. કેપ્ટન શુભમન ગિલ ૧૨૯ રન પર અણનમ રહ્યો હતો.

# તુલસીશ્યામમાં પંચમહાલના ગુમ થયેલા ૭૫ વર્ષીય વૃદ્ધા મળતા પરિજનોને રાહત થઈ

ઉના,તા.૧૧

સુપ્રસિધ્ધ યાત્રાધામ તુલસીશ્યામ ખાતે ત્રણ દિવસ પહેલા પંચમહાલ તાલુકાની એક પ્રવાસી ટુરમાં પરિવાર સાથે આવેલ વૃદ્ધા રાત્રિ રોકાણ દરમિયાન અચાનક નિકળી જતાં ગાઢ જંગલોમાં ગુમ થઈ ગયેલ. જે ૩ દિવસ બાદ ગીર જંગલમાં આવેલ રાવલ ડેમ નજીકથી ભૂખ્યા તરસ્યા પેટે દિવસો વિતાવ્યા બાદ ૯ ઓક્ટોબરના વહેલી સવારે જશાધાર વન વિભાગે શોધીને પરિવાર સાથે તેમનું મિલન કરાવ્યું હતું. પંચમહાલ જિલ્લામાંથી ૫૦ જેટલા શ્રદ્ધાળુ ધાર્મિક પ્રવાસન ટુરમાં આવેલ. જેમાં



માયલાના મુવાડાના ૭૫ વર્ષીય વૃદ્ધા સોમીબેન ભુરાભાઈ મછાર પણ તેમના પરિવાર સાથે આવેલ હતા. રાત્રી રોકાણ તુલસીશ્યામ મંદિરે કરેલ હોવાથી રાત્રીના સમયે સોમીબેન કોઈને જાણ કર્યા વગર મંદિરેથી નીકળી ગયા હતાં અને જંગલ તરફ ચાલ્યા ગયા હોવાનું અનુમાન તેમની સાથે આવેલ લોકોએ લગાવ્યું હતું. તેની આજુબાજુના વિસ્તારમાં શોધખોળ કરતાં જોવા નહીં મળતાં આ અંગેની જાણ જસાધાર વનવિભાગના આર.એફ.ઓ એલ.બી.ભરવાડને જાણ કરતા ડી.સી.એફ વિકાસ યાદવના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક વન વિભાગની ટીમો શોધખોળ માટે ગોઠવી હતી. અંતે ૮ ઓક્ટોબરનાં સવારે રાવલ ડેમ નજીક સોમીબેન સલામત મળી આવતા વન વિભાગ અને પરિવારે પણ હાશકારો અનુભવ્યો હતો.

## પાંચ લોકોના મોત થતાં નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીએ પોલીસ ફરિયાદ દાખલ કરી હતી

# ૨૦૦૯માં શેત્રુંજી નદી પર થયેલ અકસ્માતમાં આરોપીઓ સામે કાર્યવાહી રદ કરવાની અરજી હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ,તા.૧૧

ગુજરાત હાઈકોર્ટમાં કોટેશ્વરમ આદિમૂલમ મુદલિયાર સહિત કુલ ૦૫ લોકોએ પોતાની સામેની કાનૂની કાર્યવાહી રદ કરવા માટે અરજી દાખલ કરી હતી. જેને ગુજરાત હાઈકોર્ટે નકારી નાખી છે. કેસને વિગતે જોતા ૩૦ જુલાઈ, ૨૦૦૯ના રોજ કર્ણાટક પાસિંગનો વોલ્વો ટ્રક, ૧૩૮ પૈડાના ટ્રેલર સાથે ટર્બાઈન એન્જિનને મુન્દ્રાથી પીપાવાવ લઈ જઈ રહ્યો હતો. જેમાં સુપરવાઈઝર ટ્રક ડ્રાઈવર, એન્જિન લોડ અને અનલોડ કરતા લોકો સામેલ હતા. મુન્દ્રાથી પીપાવાવનું અંતર ૪૫૦ kmનું હતું. ટ્રક એક દિવસના ૪૦ કિલોમીટર જેટલું અંતર કાપતો હતો. જેને મુન્દ્રાથી પીપાવાવ પહોંચતા ૧૦ દિવસ લાગવાના હતા. ટ્રકે નવ દિવસમાં ૩૪૦ kmનું અંતર કાપી લીધું હતું. પરંતુ ટ્રક શેત્રુંજી નદી ઉપર આવેલા બ્રિજ પરથી પસાર થતા રેલીંગ તોડી ટ્રક નદીમાં પડ્યો હતો. જેમાં નદીના પટમાં રહેલા કેટલાક લોકો પણ ટ્રકની નીચે દબાયા હતા. આ અકસ્માતમાં કુલ ૦૫ લોકોના મૃત્યુ થયા હતા. જેથી નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારી દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. અરજદારોએ નીચલી કોર્ટ સમક્ષ ડિસ્ચાર્જ અરજી ફાઈલ કરી હતી, જેને નકારી નાખવામાં આવી હતી. અરજદારોનું કહેવું હતું કે તેમના તરફથી કોઈ બેદરકારી રાખવામાં આવી નથી અને ટ્રકે સહી સલામત રીતે ૩૪૦ kmનું અંતર કાપ્યું હતું.



વળી ટ્રક સાથે સંકળાયેલ JM બક્ષી કંપનીએ બ્રિજ રીપેરીંગ ખર્ચ પણ આપી દેતા નેશનલ હાઈવે ઓથોરિટીએ ફરિયાદ રદ થાય તો વાંધો નહીં, તેમ પણ જણાવ્યું હતું. જો કે હાઈકોર્ટ સમક્ષ રજૂઆત થઈ હતી કે, આરોપીઓએ કોઈપણ જાતની મંજૂરી વગર ખૂબ ભારે અને મોટા વાહનને રોડ ઉપર ચલાવ્યું હતું. RTO એ બે વખત ટ્રકને ઝડપીને કુલ ૧.૮૦ લાખનો દંડ પણ ફટકાર્યો હતો. તેમ છતાં તેમને કોઈ ઓથોરિટી પાસેથી પરવાનગી મેળવવાનું જરૂરી સમજ્યું ન હતું. ટ્રક, એન્જિન અને ટ્રેલરનું કુલ વજન થઈને ૨૫૦ ટન કરતાં વધુ હતું. આરોપીઓએ આ કામ માટે કોઈ મંજૂરી લીધી નહોતી. RTO એ તેમને પકડીને દંડ કર્યો તેમ છતાં પણ તેઓ આગળ વધ્યા હતા. તેમની બેદરકારીથી પ્રાથમિક દ્રષ્ટિએ પાંચ લોકોના જીવ ગયા હતાં. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, બ્રિજ ઉપર ભારે અને ઓવરવેઈટ વાહન ઉપર પ્રતિબંધ હતો. આરોપીઓ જાણતા હતા કે આવું કામ કરવાથી અકસ્માતની શક્યતા રહેલી છે, તેમ છતાં તેમણે આવું કાર્ય કર્યું હતું. આથી હાઈકોર્ટે આરોપીઓની અરજી નકારી નાખી હતી.

# કચ્છના રાપરમાં નકલી ટૂથપેસ્ટ બનાવતી ફેક્ટરી ઝડપાઈ : કુલ ૯.૪૩ લાખનો મુદ્દામાલ જપ્ત

ભુજ,તા.૧૧

રાપર તાલુકાના ચિત્રોડ ગામે ગેરકાયદેસર રીતે ડુપ્લીકેટ કોલગેટ ટૂથપેસ્ટ બનાવતી એક ફેક્ટરીનો ગાગોદર પોલીસે પર્દાફાશ કર્યો છે. ગાગોદર પોલીસની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને બનાવટી ટૂથપેસ્ટ અને તેના ઉત્પાદનમાં વપરાતી સામગ્રીનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે કોલગેટ કંપનીને જપ્ત કરાયેલા માલ વિશે જાણ કરતાં, કંપની દ્વારા આ ટૂથપેસ્ટ ડુપ્લીકેટ હોવાની પુષ્ટિ કરવામાં આવી હતી. પોલીસે કુલ ૯,૪૩,૫૭૪નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ સંદર્ભે, કોલગેટ કંપનીના કર્મચારી લક્ષ્મણ ચોલાઈ વિશ્વકર્માએ ગાગોદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ચાર આરોપીઓ - રાજેશ ડાયાભાઈ મકવાણા, સુરેશ મહેશભાઈ ઉમટ, નટવર અજાભાઈ ગોહિલ અને નરપત ઉર્ફે નરૂ ડાયાભાઈ મકવાણા સામે ગુનો નોંધ્યો છે.



# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને આદિવાસી બહેનોએ રેશન કાર્ડ સહિતની રજૂઆત કરી

જુનાગઢ,તા.૧૧

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ બે દિવસના સાસણ પ્રવાસે આવી પહોંચ્યા હતા. સાસણ જંગલ સફારી પૂર્ણ કર્યા બાદ રાષ્ટ્રપતિની સિદી આદિવાસી બહેનો સાથે સીધી મુલાકાત થઈ હતી. જેમાં સાસણની આદિવાસી બહેનોએ રેશન કાર્ડ સહિત કેટલાક કામોમાં પડતી મુશ્કેલીની રજૂઆત રાષ્ટ્રપતિ સમક્ષ વ્યક્ત કરતા દ્રૌપદી મુર્મુએ સિદી આદિવાસી સમાજની રજૂઆતને ન્યાય આપવા આદેશ કર્યો હતો. રાષ્ટ્રપતિ અને સિદી સમાજની બહેનો વચ્ચે ૩૦ મિનિટ જેટલો સીધો સંવાદ થયો હતો. જેમાં રાષ્ટ્રપતિએ સિદી સમાજની સમસ્યાઓને સાંભળ્યા બાદ તેના નિરાકરણને લઈને અધિકારીઓને આદેશ કર્યા બાદ સિદી સમાજની બહેનોને દિલ્હી આવવાનું આમંત્રણ પણ રાષ્ટ્રપતિ દ્વારા પાઠવવામાં આવ્યું હતું. વધુમાં આ સંવાદ દરમિયાન રાષ્ટ્રપતિએ સિદી આદિવાસી સમાજની બહેનોને ભેટ આપીને પણ તેમની કર્તવ્ય નિષ્ઠાને બિરદાવી હતી.



# સુરતના ઉધનામાં મામાએ હથોડીના ઘા ઝીંકી ભાણેજની કરી નિર્મમ હત્યા

(એચ.એસ.એલ),સુરત,તા.૧૧

સુરતના ઉધના વિસ્તારમાં એક યુવકે કોઈ પૈસાની લેતીદેતી બાબતે રાત્રે ઘોરનિદ્રા સુઈ રહેલા ભાણેજને હથોડીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો છે. રાક્ષસ બનેલા આ મામાની હેવાનિયતની હદ આટલેથી ન અટકતા, ભાણેજની આ નિર્મમ રીતે હત્યા કર્યા બાદ તેના મૃતદેહને ચાકુથી નાના-નાના ટુકડા કરી બોરીમાં ભરી ખાડીમાં ફેંકી દીધો હતો. ત્યારે વધુ એક કાળજું કંપાવતી ઘટનાએ સુરત શહેરમાં ફરી એકવાર ભયનો માહોલ ઊભો કરતા પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.



# પ્રધાનમંત્રી મોદીનું વતન વડનગર જોઈને અક્ષયકુમાર પ્રભાવિત થયો

મહેસાણા,તા.૧૧

અમદાવાદમાં યોજાનારા ફિલ્મફેર એવોર્ડ્સમાં હાજરી આપવા ગુજરાત આવેલા બોલિવૂડ સુપરસ્ટાર અક્ષયકુમારે શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન વડનગરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેઓ વડનગરના આધ્યાત્મિક અને ઐતિહાસિક વારસાથી ખૂબ પ્રભાવિત થયા અને તેમણે પોતાના અનુભવો ભાવુક શબ્દોમાં વ્યક્ત કર્યા હતા. આ દરમિયાન મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે, "હાટકેશ્વર મંદિરમાં જ્યારે શાંત વાતાવરણ હોય છે ત્યારે તમે ધ્યાનથી સાંભળો તો તમને ધીમે ધીમે અવાજમાં 'ઓમ નમઃ શિવાય' સંભળાય છે. આ અનુભવ અત્યંત શાંતિદાયક છે." તેમણે વધુમાં કહ્યું કે, "પ્રથમવાર વડનગર આવ્યો છું અને અહીંનો સમૃદ્ધ ઈતિહાસ જાણીને હું ખૂબ આનંદિત છું." અક્ષયકુમારે મંદિર દર્શન બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે શાળામાં અભ્યાસ કર્યો હતો તે પ્રેરણા સ્કૂલની મુલાકાત લીધી હતી.

# રાજકોટમાં ભાજપ પાર્ટીની સંકલન બેઠકમાં મેયર અને ધારાસભ્ય વચ્ચે રકઝક થઈ

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૧૧

રાજકોટ ભાજપમાં છેલ્લા કેટલાય મહિનાઓથી જૂથવાદ અને આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દૌર ચાલી રહ્યો છે. ક્યારેક અહીં પત્રિકા કાંડ સામે આવે છે તો ક્યારેક સાંસદ ખુદ આક્ષેપો પર ઉતરી આવે છે. હજુ મહાકુંભ સમયે જ મેયરની સરકારી ગાડીનો વિવાદ સામે આવ્યો હતો જેમાં મેયરે એવો આક્ષેપ કર્યો હતો કે તેમણે સરકારી ગાડીનો ઉપયોગ કર્યો અને તેઓ પુરેપુરુ બિલ પણ ચુકવવાના છે પરંતુ આ તો તેમને ટાર્ગેટ કરવા માટે જ આ વિવાદ ઉભો કરવામાં આવ્યો છે. ત્યારે ફરી એકવાર મેયર અને ધારાસભ્ય દર્શિતા શાહ વચ્ચે રકઝક થઈ હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. પાર્ટીની સંકલન બેઠકમાં મેયર અને ધારાસભ્ય વચ્ચે તુંતું-મેંમે થઈ હોવાનો દાવો કરાઈ રહ્યો છે. જો કે મેયર નયનાબેન પેઢડિયા અને ધારાસભ્ય બંનેએ આ આક્ષેપો નકાર્યા છે.




# સાણંદના લોદરિયાલ ગામે પ્રેમીએ તેની પરિણીત પ્રેમિકા અને પુત્રીની કરી હત્યા

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૧

અમદાવાદના સાણંદના લોદરિયાલ ગામમાં હત્યા બાદ આત્મહત્યાનો બનાવ બન્યો છે. જેમાં એક પ્રેમીએ તેની પરિણીત પ્રેમિકા અને પુત્રીની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે, આ ઘટનામાં પ્રેમીએ હત્યા કર્યા બાદ પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. આપને જણાવી દઈએ આ પુરુષ અને સ્ત્રી ભાડાના મકાનમાં સાથે રહેતા હતા. જ્યાં મહિલા તેની પુત્રી સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી, અને તેનો પતિ તેને છૂટાછેડા આપવાનો ઈનકાર કરી રહ્યો હતો. આ સમગ્ર ઘટના મામલે પોલીસને ૧૦ પાનાની સુસાઈડ નોટ મળી આવી છે જેના પરથી પોલીસ ઘટનાની વધુ તપાસ કરી રહી છે. પત્ની સાથેના અણબનાવને કારણે ગીતાબેનના પતિ દિનેશ અમદાવાદના અમરાઈવાડીમાં રહેતા હતા. જોકે, ગીતા વાણિયાએ તેના પ્રેમી રણછોડના ઘર પાસે લોદરિયાલમાં એક રૂમ પણ ભાડે રાખ્યો હતો. એવી પણ શંકા છે કે ગીતાના પ્રેમીને ગીતાના બીજા પુરુષ સાથે સંબંધમાં હોવાથી તેની હત્યા કરવામાં આવી હશે.



# અમદાવાદના ૧૧ સહિત ફટાકડાના ૬૦ વેપારી ઉપર જીએસટી વિભાગના દરોડા

અમદાવાદ,તા.૧૧

દિવાળીની ઉજવણી પહેલાં ગુજરાત સ્ટેટ જીએસટી વિભાગે રાજ્યભરના ફટાકડા વેપારીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. તહેવારની સિઝનમાં ગ્રાહકો પાસેથી ઉઘાડી લૂંટ ન થાય, ગેરવાજબી ભાવ વસૂલવામાં ન આવે અને કરચોરી રોકી શકાય તે હેતુથી એસજીએસટીએ અમદાવાદના ૧૧ વેપારી સહિત રાજ્યભરમાં ફટાકડાના ૬૦ વેપારીને ત્યાં મોટું સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. ગત વર્ષે અમદાવાદના સૌથી મોટા ફટાકડાના વેપારી પાસે દિવાળીના દિવસોમાં ઈન્કમટેક્સ વિભાગે રેડ પાડી હતી. આ કાર્યવાહી દરમિયાન અંબિકા ફટાકડાના સંચાલકો દ્વારા કરોડો રૂપિયાના ફટાકડા બિલ વિના જ વેચી દેવાયા હતા અને મોટા પ્રમાણમાં ઈન્કમટેક્સની ચોરી કરાઈ હોવાનું ખૂલ્યું હતું.







